
राष्ट्रीय कला केन्द्र
રાષ્ટ્રીય કલા કેન્દ્ર
આયોજીત
ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ
ગુજરાત બુક ઓફ રેકોર્ડ્સ
નોંધાયેલો વિક્રમ
તા. ૨૧-૦૯-૨૦૨૦ થી તા. ૨૭-૦૯-૨૦૨૦
દરમિયાન રજૂ થયેલ કવિતા ગઝલોનું
ઈ પુસ્તક


નમસ્કાર મિત્રો, રાષ્ટ્રીય કલા કેન્દ્રના ઉપક્રમે
રૂપીનભાઈ પચ્ચીગરના પ્રયાસોથી
'ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ'
નું આયોજન થયું અને તેમાં ઘણાં કવિઓએ ભાગ
લીધો. એ કવિ સંમેલનોમાં રજુ થયેલાં કાવ્યોનું
આ ઈ-પુસ્તક લોકાર્પિત કરતા મને
હર્ષ અને ગૌરવની લાગણી થાય છે.
રૂપીનભાઈને અને આ સાથે સંકળાયેલાં સૌ કોઈને
શુભકામનાઓ પાઠવું છું, ધન્યવાદ.
શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, કેન્દ્રીય કૃષિ મંત્રી

## રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત
## મેગા ઓન લાઈન કવિ સંમેલન સપ્તાહ
## ૨૧-૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૦



# ઓનલાઈન કવિસંમેલન સપ્તાહ દ્વારા
# રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરતે ઈતિહાસ સર્જ્યો
## RKKને 'ગુજરાત બુક ઓફ રેકોર્ડ્સ'માં સ્થાન મળ્યું

રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત છેલ્લાં છાસઠ વર્ષથી કલા અને સાહિત્યની અવિરત પ્રવૃત્તિ કરી રહી છે. નાટક, સંગીત, ચિત્રકળા અને સાહિત્યને કેન્દ્રમાં રાખીને પ્રતિવર્ષ કાર્યક્રમો કરી રહી છે.

હમણાં કોરોના કાળમાં થિયેટર, ઓડિટોરિયમ અને નાટ્યગૃહો બંધ છે તેથી રાષ્ટ્રીય કલા કેન્દ્રે એની પ્રવૃત્તિ 'વજુભાઈ ટાંક હોલ'માં કરવાને બદલે ઓનલાઈન કરવાનું વિચાર્યું.

અમે વજુભાઈ ટાંક હોલમાં અનેક કવિસંમેલનો કર્યા છે. એક વિષય આપીને કવિસંમેલનો કર્યા છે. તે સમયે એ કાવ્યમહેફિલમાં ચાલીસથી પચાસ કવિઓ પોતાની કૃતિ રજૂ કરતા. દરમ્યાન, પૂર્ણિમાબેન ભટ્ટને વિચાર આવ્યો કે આપણે 'RKK કવિગણ' નામથી વોટ્સએપ ગ્રુપ બનાવીએ. સૌએ વિચાર વધાવ્યો અને ત્યારથી 'RKK કવિગણ' ગ્રુપ કાર્યરત છે. એનો સૌથી મોટો લાભ 'કોરોના કાળના કાવ્યો' નામનું ઈપુસ્તક બનાવ્યું ત્યારે થયો. એને કારણે ત્રણસોથી વધુ કવિઓ આ ગ્રુપમાં જોડાયા અને ઉત્સાહપૂર્વક કવિતાઓ ગ્રુપમાં મૂકવા માંડી. એ જોઇને મને વિચાર આવ્યો કે આટલા બધા કવિઓ સક્રિય છે તો તેમને પ્રોત્સાહન આપવા માટે એક કવિસંમેલન થવું જોઈએ. જો વેબીનાર દ્વારા વિશ્વ પ્લેટફોર્મ આપવામાં આવે તો એમને પોતાની રચના પ્રસ્તુત કરવાની તક મળશે. પરિણામ સ્વરૂપ, તા. ૨૧મી સપ્ટેમ્બરથી તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમ્યાન 'ઓનલાઈન કવિસંમેલન સપ્તાહ' નું આયોજન કર્યું.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા આયોજીત "ઓનલાઈન કવિસંમેલન સપ્તાહ"નો વિચાર આવ્યો ત્યારે સ્વપ્નેય ખ્યાલ નહોતો કે આપણે એક ઈતિહાસ રચવા તરફ આગળ વધી રહ્યા છીએ.

તા. ૨૧મી સપ્ટેમ્બરથી તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦નાં સપ્તાહ દરમ્યાન રોજ રાત્રે ૯ કલાકે કાવ્યમહેફિલ જામતી. નવોદિત અને પીઢ કવિઓનાં સાયુજ્યની મજા કંઈ વિશેષ જ હતી. કેટલાંય કવિ મિત્રોએ નિખાલસપણે કહ્યું કે તેઓ પહેલીવાર મુશાયરામાં કાવ્યપઠન કરી રહ્યાં છે. પીઢ કવિઓએ એમના અનુભવની પ્રતીતિ એમની ગઝલ અને કવિતામાં કરાવી. એક પ્રમુખ કવિ અને બીજા પંદર કવિઓ એમ રોજ સોળ કવિઓએ ભાગ લીધો. સપ્તાહ દરમ્યાન ૧૧૨ કવિઓએ કાવ્યપઠન કર્યું. આ "ઓનલાઈન કવિસંમેલન સપ્તાહ"માં ગુજરાત અને મુંબઈ ઉપરાંત મનિપાલથી માત્ર કવિઓ જ નહી પરંતુ શ્રોતાગણ પણ જોડાયો.

મને એ વાતનો આનંદ છે કે મારાં આમંત્રણને માન આપી ગુજરાતના દિગ્ગજ કવિઓએ કવિસંમેલનનું પ્રમુખપદ શોભાવ્યું. પ્રમુખપદેથી બોલતા શ્રી ભાગ્યેશભાઈ જહા, શ્રી કિરણસિંહ ચૌહાણ, શ્રી રવીન્દ્રભાઈ પારેખ, શ્રી ગૌરાંગભાઈ ઠાકર, ડૉ. મુકુલ ચોકસી, શ્રી હર્ષભાઈ બ્રહ્મભટ્ટ અને ડૉ. રઈશ મણિયારે કવિસંમેલનને ચાર ચાંદ લગાવી દીધા.

રોજ રાત્રે ૯ વાગે શરૂ થતા કાર્યક્રમમાં દસેક મીનીટમાં પચાસેકનું ઓડિયન્સ થઈ જતું. આ આશ્ચયજનક ઘટના હતી. કેટલાકે તો કહ્યું કે અમે રોજ ૯ વાગવાની રાહ જોઈએ છીએ. જ્યારે કવિસંમેલન સપ્તાહ સમાપ્ત થયું છે ત્યારે કેટલાંક મિત્રો જીજ્ઞાસાવશ પૂછી રહ્યા છે કે હવે શું?

મિત્રો, રાષ્ટ્રીય કલા કેન્દ્રનો મુખ્ય ધ્યેય સાહિત્યકારો તથા સંગીત, નાટક, ચિત્રકળાના કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે એટલે હજુ ઘણાં પ્રસંગો આવશે જેમાં બધાને પોતાની કૃતિઓ રજૂ કરવાની તક મળશે એની હું તમને ખાતરી આપુ છું.

આ કવિસંમેલનનાં સપ્તાહની પૂર્ણાહુતિમાં 'સોનામાં સુગંધ' ત્યારે ભળી જ્યારે મેં કરેલી રજૂઆતને પગલે આ કાર્યક્રમને "ગુજરાત બુક ઓફ રેકોર્ડસ"માં સ્થાન મળ્યું. વિશ્વમાં પહેલીવાર ઓનલાઈન કવિસંમેલનનું સપ્તાહ ઉજવાય અને ૧૧૨ કવિઓ ગુજરાતી ભાષામાં પોતાની રચનાઓની પ્રસ્તુતિ કરે એ એક અજોડ સિધ્ધિ છે. આ સિધ્ધિ માટે રાષ્ટ્રીય કલા કેન્દ્રને "ગુજરાત બુક ઓફ રેકોર્ડસ" દ્વારા સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવ્યું છે. આ સર્ટીફીકેટ આ ઈપુસ્તકમાં મૂકવામાં આવ્યુ છે જેની નોંધ લેશોજી.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર એ આપના સૌના સહકારથી ઈતિહાસ રચ્યો છે. મેં તો એક વિચાર બીજ મૂક્યું પણ એ વિચારને મૂર્તિમંત કરવાનું કાર્ય સૌના સહકારથી થયું છે જેની હું સહર્ષ નોંધ લઉં છું.

મિત્રો, મારી એક વેબસાઈટ છે. www.rupinpatchigar.com આ વેબસાઈટ પર સાતેય દિવસનાં કવિસંમેલનના પ્રોગ્રામનાં વિડીયો મૂકવામાં આવ્યાં છે. આપને મારી વેબસાઈટની મુલાકાત કરવાં નમ્ર વિનંતિ છે.

મિત્રો, આ કાર્યને સફળતા સુધી પહોંચાડવામાં શ્રી નરેશ કાપડીઆનો સિંહફાળો રહ્યો છે. સાતેય દિવસ એમણે કવિસંમેલનનું સુંદર સંચાલન કરી દરરોજ લગભગ અઢી કલાકનાં કવિસંમેલનને જીવંત બનાવ્યો હતો. એટલું જ નહીં એમાં રજુ થયેલી તમામ કૃતિઓનું આ ઈ-પુસ્તક સંપાદિત કરવાનું કાર્ય પણ એમણે જ કર્યું છે.

આ કવિસંમેલનમાં કવિઓ સાથે સંપર્ક કરી તથા આવેલી લગભગ દોઢસો કવિતાઓમાંથી પસંદગી કરવાનું ભગીરથ કાર્ય અમારી સાહિત્ય સમિતિના કન્વીનર શ્રીમતી યામિનીબેન વ્યાસ અને સભ્ય શ્રીમતી પૂર્ણિમાબેન ભટ્ટે કર્યું. આ બંને બહેનોનો કવિઓ સાથે સંપર્ક અને એમને એકત્રિત કરવાની આવડતને કારણે આટલી મોટી સંખ્યામાં કવિઓને પ્રાપ્ત કરી શકયા છીએ. આ કવિઓનો સતત સંપર્ક કરીને એમને કવિસંમેલનના દિવસે હાજર રાખવાની અને ફોલોઅપની કામગીરી શ્રી દિલીપ ઘાસવાળા અને શ્રી પ્રવિણ સરાધિયાએ સંભાળી હતી. કવિસંમેલન સપ્તાહમાં અમારી સંસ્થાના તમામ હોદ્દેદારો અને કારોબારીના સભ્યોનો સાથ અને સહકાર મળ્યો છે.

રોજેરોજની આભારવિધિ સર્વશ્રી પ્રમુખ નયનાક્ષીબેન વૈદ્ય, સહમંત્રી ભરત ભાવસાર, સહમંત્રી મેહુલ શર્મા, મયંક ત્રિવેદી, દિલીપ ઘાસવાળા, પૂર્ણિમાબેન ભટ્ટ અને યામિનીબેન વ્યાસે સંભાળી હતી.

'ઓનલાઈન કવિસંમેલન સપ્તાહ'નું લોકોની નજરમાં વસી જાય એવું આકર્ષક આમંત્રણ કાર્ડ અમારી ચિત્રકળા સમિતિના કન્વીનર શ્રી રાજર્ષિ સ્માર્તે ડીઝાઈન કર્યું હતું.

આ અદ્વિતિય અને ઐતિહાસિક ઓનલાઈન કવિસંમેલનની યાદને સાચવી રાખવાં આ ઈપુસ્તક બનાવ્યું છે. આશા રાખું છું કે આ પુસ્તક આપના સ્મૃતિપટ પર કાયમી ધોરણે રહેશે.

*મિત્રો, રાષ્ટ્રીય કલા કેન્દ્ર સુરત માટે અત્યંત આનંદની ઘટના છે કે આ ઈ પુસ્તકનું વિમોચન ભારત સરકારના કૃષિ મંત્રી માનનીય શ્રી પુરુસોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે તા. ૨૦.૧૦.૨૦૨૦ ના રોજ ગાંધીનગર મુકામે કરવામાં આવ્યું છે. સાથે "ગુજરાત બુક ઓફ રેકોર્ડસ" દ્વારા એનાયત કરવામાં આવેલ એવોર્ડ પણ એમના વરદ હસ્તે રાષ્ટ્રીય કલા કેન્દ્ર ના મહામંત્રી તરીકે મે સ્વીકાર્યો છે.*

આપ સર્વેનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

ભવિષ્યમાં પણ સાહિત્યની યાત્રાના આપણે સહપંથી બનીએ એવી અપેક્ષા સાથે. આભાર.

૨૦.૧૦.૨૦૨૦ રૂપીન પચ્ચીગર

મહામંત્રી,

રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત



AN ISO 9001 : 2015 Certified

Gujarat Book of Records®

www.gujaratbookofrecords.org
Help Line - 74340 50000

# Certificate

This is to Certify that

## Rashtriya Kala Kendra

*( Surat, Gujarat )*

is listed in

The Gujarat Book of Records

for

***Week long Poet Convention( Kavi Sammelan ) was arranged by 66 year old organisation Rashtriya Kala Kendra Surat for the First Time in Gujarat on digital platform. 112 Poets recited their poetry in Gujarati Language during the week 21st - 27th September 2020.***

*This acheivement has been entered into GUJARAT BOOK OF RECORDS.*

Certificate Sr. No.GJ/2020/123

**Rajesh Maheshwari**
**Founder**
**Gujarat Book of Records®**

Certificate Issue Date :
27th September, 2020

This record is not to be used for any commercial purpose without the approval of Gujarat Book of Records.
This Certificate must not be reproduced without written permission of Gujarat Book of Records
And does not necessarily denote an entry into Gujarat Book of Records
Visit our website for verification of this Certificate by Serial No. GJ/2020/123
It any dispute shall be heared in Surat court.GBR team may cancel the certificate prior informing or for any reason.
Within a year only one Application shall be accepted for a category. GBR team decision will be final.
"Gujarat Book of records" is the Registered Trade Mark of Mr. Rajesh Maheshwari
Terms & Conditions Apply
.This Certificate is awarded to good faith on the basis of information given by the applicant.

**GUJARAT BOOK OF RECORDS®**

राष्ट्रीय कला केन्द्र

# ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ

તા. ૨૧-૦૯-૨૦૨૦ સમય રાત્રે ૯ કલાકે

પ્રમુખ શ્રી ભાગ્યેશભાઈ જહા

કવિગણ

અલ્પા વસા - મુંબઈ | ભદ્રેશ વ્યાસ - અમદાવાદ

ધીરેન સુથાર - વડોદરા | હિના પંડ્યા. - વડોદરા

જીજ્ઞેશ ત્રિવેદી - અમદાવાદ | મેહુલ ત્રિવેદી ખેરાળી, સુરેન્દ્રનગર

નીલા સંઘવી - મુંબઈ | નૂતન કોઠારી - વાપી

સાગર રામોલિયા - જામનગર | ઉર્વિ પંચાલ - નવસારી

પ્રશાંત સોમાણી - સુરત | સંદીપ પૂજારા - સુરત

ગિરીશ. પોપટ - સુરત | મનસુખ નારીયા સુરત

રાકેશ રાઠોડ - સુરત

# ભીતર દીસતી જ્યોત જગની

બહું હું દોડ્યો છું, વન વન તણી વાટ પકડી,
સમુદ્રોમાં, આભે, રણરમતની રમ્યરટણા,
કરી રાખી વર્ષો, રઝળી રઝળી ક્યાં રખડતો,
વિદેશોમાં, દેશે, સતત કરતો શોધ સતની.

અને શબ્દોકાંઠે, કળણ કઠણે, કર્મતિમિરે,
સંબંધોના જાળાં, તરલ લસતી અર્થપરીઓ,
વળી હાસે, ભાસે, ઉલટ ઉપહાસે ઉભરતી,
હવે દેખાતી તે, સતત વહેતી શૂન્યસરિતા.

તપેલી ભાષાના સતત ગળતા અંગ ભીતરે,
અને જાગી ઊઠી તમસ મચડી કો'ક વિજળી,
અકસ્માતે જાણે જીવનભરનો થાક છટક્યો,
ધીમે ધીમે જાણ્યું જીવનરસનું નામ નરવું.

ચીરી આવી કેવી તમસમય આ શ્યામનભને,
અજાણી સહેજે ના, ભીતર દીસતી જ્યોત જગની.

ભાગ્યેશ જહા – અમદાવાદ

## ...તો હું વારતા કહું.

સમજણની ધાર કાઢ, તો હું વારતા કહું,
મનનો તું ખોલ માઢ, તો હું વારતા કહું.

આ મૌનના નગરના રસ્તા છે અટપટા,
ભાષાને દુ:ખે દાઢ, તો હું વારતા કહું.

ઉગી ગયું છે ઘાસ, કારણ વિના કશા,
કારણ વિના, તું વાઢ, તો હું વારતા કહું.

આખું નગર દોડી રહ્યું એક જ દિશા તરફ,
અફવા બને, જો, ગાઢ, તો હું વારતા કહું.

સૂરજ અમારા ગામનો, પોતાથી પીગળ્યો,
લાગે તને જો ટાઢ, તો હું વારતા કહું.

**ભાગ્યેશ જહા – અમદાવાદ**

# તાળા જેવું

રાત તણા અજવાળા જેવું,
તારું ઘર છે માળા જેવું.

દર્પણ ક્યાં છે તારા ઘરમાં ?
કેમ જીવે છે ચાળા જેવું!

મેં તો તારું નામ લખ્યું ત્યાં,
ગામ કહે ગોટાળા જેવું!

ભરચક માન મળ્યું જે કારણ,
તે તો છે ભોપાળા જેવું!

માણસ હું છું ચાંચ વગરનો,
કાલું બોલું બાળા જેવું!

દરવાજે હું મૌન ઉભો’તો,
લાગ્યું તમને તાળા જેવું…!

**ભાગ્યેશ જહા – અમદાવાદ**

# વ્હાલ તમારું...

વ્હાલ તમારું સાચું કહું તો,
મુંબઈના ચોમાસા જેવું,
ધોધમાર ને ધારદાર ને
બોલકણું પરસેવા જેવું...

ગીરદી જેવું, વરદી જેવું,
મોલતણા મલકાવા જેવું,
ભરતી કરતાં ઓટ વધારે,
ચોપાટીના દરિયા જેવું...

મોજા જેવું, અથડાવાની ઘટના જેવું,
પરપોટાની મસ્તી જેવું,
ભુલું પડેલું, ડગમગ જેવું,
સાંકળબાંધ્યું વ્હાણ સરીખું.

વ્હાલ તમારું સાચું કહું તો,
મુંબઈના ચોમાસા જેવું...

ભીના રસ્તા વચ્ચે ઉભું,
ડુબેલા રસ્તામાં ડુબ્યું,
બંધ પડેલી ગાડી જેવું,
સિગ્નલ જેવું, છત્રી જેવું,
ભીના બૂટના મોજા જેવું,
છલકાતું, મલકાતું તોયે,
પલળે જાણે છાનું માનું.

વ્હાલ તમારું સાચું કહું તો,
મુંબઈના ચોમાસા જેવું...

**ભાગ્યેશ જહા – અમદાવાદ**

# બકા, તકલીફ તો રહેવાની...

બકા, તકલીફ તો રહેવાની...

જન્મોથી કહેવાતી, સહેવાતી વારતા,
ફરી ફરી જુદી રીતે કહેવાની,
બકા, તકલીફ તો રહેવાની...

કોલેજની કેન્ટીનમાં છોકરીના નાસ્તાનું
ચુકવેલું જે દિવસે બીલ,
વ્હોટસ-અપના વ્હેંળામાં નદી ફુટી'તી એક,
મોબાઈલને ઉગ્યો'તો ખીલ,

બાંધવાનું, છોડવાનું, છોલવાનું, પાણીને,
નદીઓને ટેવ પડી વહેવાની,
બકા, તકલીફ તો રહેવાની...

પવનની કે'ડે ચુંટલી ખણી તો, હારો !
દોડયો ને બની ગયો બારી,
બારીમાં સુકવ્યા છે કાચા ઉજાગરા,
ને શબ્દોની વાછટ છે ન્યારી...

દુ:ખસુખનાં હોય નહીં સરનામાં કાયમી,
આવે જે પળ તે તો સહેવાની,
બકા, તકલીફ તો રહેવાની...

**ભાગ્યેશ જહા – અમદાવાદ – ૯૯૭૮૪ ૦૭૬૦૧**

# તો ઠીક છે

કદી એકાદ જો તાળી મળે, તો ઠીક છે.
વિરહવેળા એ જો, યારી મળે તો ઠીક છે.

હું ક્યાં માંગું છું તોતિંગ દરવાજા કદી?
ગગન જોવાને એક બારી મળે, તો ઠીક છે.

છે ખામોશીના મણ મણના તાળાંઓ મુખે,
જો ઉંકારાની આઝાદી મળે, તો ઠીક છે.

ચળાતી લાગણી પણ ચાળણીથી  આ જગે,
એવામાં પ્રીત પરબારી મળે, તો ઠીક છે.

નસીબે થાળ ભોજનનો લખાયો ક્યાં હવે?
કદી તૈયાર પતરાળી મળે, તો ઠીક છે.

સદા લીલોતરી સામે કિનારે હોય જો,
મને નાની ય જો ક્યારી મળે, તો ઠીક છે.

સતત લાગે છે, સંતાકૂકડી રમતી રહી,
સમે અંતિમ જરા નાડી મળે, તો ઠીક છે.

લગાગાગા * ૩ લગા

**કાવ્યાલ્પ અલ્પા વસા - મુંબઈ - 9819019051**

## ગઝલ /ઇન્સાન ખરેખર

લીલોછમ દેખાતો જે ઇન્સાન ખરેખર,
ભીતરથી એ હોઇ શકે વેરાન ખરેખર.

સજ્જનતાની વાતો જાણે ટેપ કરેલી,
સ્વીચ દબાવે ચાલ્યા કરતા ગાન ખરેખર.

ઇશ્વરથી પણ સચવાતો ના સાચુ કહું છું,
કંટાળ્યો છે એનાથી ભગવાન ખરેખર.

ખોવાયું છે પોતાનાથી પોતાનું ને,
રોજ ખરીદે વેચાતું સમ્માન ખરેખર.

રેશમ જેવો રોજ મુલાયમ થઇને ફરતો,
આખર તો છે જીર્ણ થતું કંતાન ખરેખર.

સદીયોથી સુધરતો આવ્યો તેમ છતા પણ,
પૂરે પૂરું ક્યાંરે થાશે ભાન ખરેખર ?

જીવન બાજી ફેકી દઇને જાતો ત્યાંરે,
રોઇ પડે છે સર્જકના અરમાન ખરેખર.

ભદ્રેશ વ્યાસ (વ્યાસ વાણી) – અમદાવાદ - 79163 38667

# પરવાનગી મળતી નથી...

તારા વિના જો ચાલવા, પરવાનગી મળતી નથી,
મારી બની એ માનવા, પરવાનગી મળતી નથી.

વાતો ઘણી તારી હતી તો પણ હવે બસ તું નથી,
તારો વિરહ તો માપવા, પરવાનગી મળતી નથી.

ક્યાંથી મને યાદો મળી પણ ના મળી તો તું પછી,
આંખો રહી છે માગવા , પરવાનગી મળતી નથી.

કાટા હતા એ રાહ પર ફૂલો નથી બસ ચાલવા,
સપના હતા જે પામવા, પરવાનગી મળતી નથી.

રાતો ઘણી વીતી હવે ક્યાં છે હવે કોને કહું,
બસ "ધીર" થઇને ચાહવા, પરવાનગી મળતી નથી.

બંધારણ : ગાગાલગા x ૪

ધિરેનકુમાર કે. સુથાર 'ધીર' – વડોદરા - 87580 92919

- dhiren92006@gmail.com

# ગઝલ

એકધારા શ્વાસ આવે ક્યાં હવે?
લાગણીથી દિલ લગાવે ક્યાં હવે?

જિંદગી,લે!મેં નિયમ તોડ્યા બધા,
દાયરામાં રહેવું ફાવે ક્યાં હવે?

હાથ મારા ખુદ મને વળગી પડી,
રોજ બાહોમાં સમાવે ક્યાં હવે?

સ્મિતની જગ્યા ન મળશે ગાલમાં,
હોઠ ખખડીને હસાવે ક્યાં હવે?

માનવીથી આ સમય થાક્યો હશે!
રોજ આવીને ભણાવે ક્યાં હવે?

જે ગલી આવી છું વારંવાર હું,
તોય સરનામું બતાવે ક્યાં હવે?

આંખ ચશ્મા પહેરતી થઈ ગઈ જુઓ,
પ્રેમ છે એવું જતાવે ક્યાં હવે?

રાતભર પહેરો સિતારાનો અહીં,
ચાંદ ખોદી ખ્વાબ વાવે ક્યાં હવે?

જ્યારથી પથ્થર બની ગઇ છે **'इरा'**!
આંખ ભીની થઇ સતાવે ક્યાં હવે?

હીના પંડ્યા (**'इरा'**) – વડોદરા – **84699 94796**

# મને ખબર નથી!

ચાહતમાં શું છે તર્ક મને કંઈ ખબર નથી!
આ ધર્મ કે અધર્મ મને કંઈ ખબર નથી!

પળપળને ઉજવું હું પ્રતીક્ષા મહીં અહીં!
કપરો સમય કે પર્વ મને કંઈ ખબર નથી!

લાગે દિશાઓ સર્વ અગમ છે અવાજની!
તું શબ્દ છે કે અર્થ મને કંઈ ખબર નથી!

મારી જિજિવિષાઓ મને જંપવા ન દે ;
આ નર્ક છે કે સ્વર્ગ મને કંઈ ખબર નથી !

જીવનનો કોઈ અર્થ મને સાંપડ્યો નહીં ;
મૃત્યુનો શું છે મર્મ મને કંઈ ખબર નથી !

અંજના ગાંધી 'મૌનું' – વડોદરા – 98673 83672

# ડોશા ડોશીનો પ્રેમ

એક બીજા સારું જીવે ને મરે છે જોઈ લો,
પ્રેમ તો ડોશો ય ડોશીને કરે છે જોઈ લો.

થોડું હસતા થોડું રડતા માહ્યલાને સાચવે,
જિંદગીમાં જોશ જાજેરો ભરે છે જોઈ લો.

કાળજી લઈ માંડતા પગ એકબીજાં કાયમી,
એક લથડે ને ખભો બીજો ધરે છે જોઈ લો

સ્મિત બોખું દે ટકોરા સાદગીના હોઠ પર,
હાથ નાંખી હાથમાં સંગે ફરે છે જોઈ લો.

ઢોલ ધબકે છે હ્રદયમાં રોજ જાણે ચાહનો,
બંધ આંખે બેઉં દરિયાને તરે છે જોઈ લો.

જોડ સારસ હોય જાણે જોડલી આ 'મેહુલા'
લાગણીઓ  હેતથી હૈયે ઠરે છે જોઈ લો.

મેહુલ ત્રિવેદી - ખેરાળી, સુરેન્દ્રનગર – **98983 65873**

# તો ચાલશે?

તમારા દિલમાં ઘર બનાવું તો ચાલશે?
ને પછી એ ઘરને ચાહું તો તમને ગમશે?
સાથે મળીને પ્રીતના ગીત ગવાશે ?

એય ને પછી તો હેતના હિંડોળે હીંચશું
ને ભેગા મળી ને ગમતાનો ગુલાલ કરશું
તે પછી હૈયાની વાત હોઠે આવશે?
સાથે મળીને પ્રીતના ગીત ગવાશે ?

જોજો આપણા  સુખને નજર ન લાગે કોઈની
સ્વના સુખ કરતા પરના સુખ પર નજર હોય લોકની
ગાલે તમારા કાળુ ટપકું કરાશે?
સાથે મળીને પ્રીતના ગીત ગવાશે ?

ચાંદ તારા તોડી લાવવાનો વાયદો તો સાવ ખોટો
મોંઘવારીમાં ઘર ચલાવવાનો મુદ્દો છે મસમોટો
એમ સાવ પ્રેમથી તે પેટ ભરાશે?
સાથે મળીને પ્રીતના ગીત ગવાશે ?

તમારા દિલમાં ઘર બનાવું તો ચાલશે?
ને પછી એ ઘરને ચાહું તો તમને ગમશે?
સાથે મળીને પ્રીતના ગીત ગવાશે ?

નીલા સંઘવી – મુંબઈ – 99876 96948

# તો જીવન છે

તને મારો, મને તારો સહારો છે તો જીવન છે.
ભજું દિલથી તને માધવ, જો તું છે તો આ ઉપવન છે.

મધુર સૂરો મને ખેંચે, બધાં કાર્યો વિસારીને,
ચરણ ખુલ્લાં હું દોડું છું, જો તું છે તો આ મધુવન છે.

મહીડાં વેચવા હાલી, ન માખણ ચોરનારો છે.
ન કંકર મારનારો છે, સજળ મારાં આ ચિતવન છે.

ગલીઓ કુંજની ખાલી, વિલખતાં ગોપ નર-નારી,
નયનમાં છલકતી યમુના,
વિરહથી ગ્રસ્ત યૌવન છે.

ન છૂટે મોહ તારો કે ન છૂટે ગામ ગોકુળિયું,
તને હું 'નીલ' સમજાવું, તીરથ આ ખૂબ પાવન છે.

લગાગાગા × ૪

નૂતન તુષાર કોઠારી 'નીલ' – વાપી – 74055 95517

# થયો છું

ગુંજવાને સૂરમાં અવસર થયો છું,
વાગવાને મીઠડું જંતર થયો છું.

ત્યાં નજરમાં કોઇની આવી જવાને,
ઘાટ આજે હું અહીં સુંદર થયો છું.

સાથમાં મીઠાશની વાતો ભરીને,
ક્યાંક બા'રે ક્યાંક હું અંદર થયો છું.

ને ભરી દેવા જગતને આ સુગંધે,
વાયરો વાતો હવે ફરફર થયો છું.

આપવો આનંદ એવું કૈં વિચારી,
હું ખુશીભર્યો અહીં 'સાગર' થયો છું.

'સાગર' રામોલિયા – જામનગર – 99989 71823

# ગઝલનું નગર

સદા મોજ રાખો, ગઝલનું નગર છે.
લખી દો બળાપો, ગઝલનું નગર છે.

મળે શેર મત્લા, કે મક્તા તણાં તો,
તમે દાદ આપો, ગઝલનું નગર છે.

કદી વેદનાનાય, વરસાદ  પડશે,
ભલે નાહી નાખો, ગઝલનું નગર છે.

બધે શબ્દનું, તાપણું ઝળહળે છે,
અરે! સહેજ તાપો, ગઝલનું નગર છે.

ખુશીનાં છે ઝાકળ, ને દુ:ખનાં છે ઝરણાં,
વહે છે ઝૂરાપો, ગઝલનું નગર છે.

અહીં અવનવા છંદ ,આપે છે પહેરા,
ગમે તે ન છાપો ,ગઝલનું નગર છે.

રહે કાફિયાને,   રદીફોથી નાતો,
કરે લાખ વાતો, ગઝલનું નગર છે.

દિવસ સાવ મૂંગા રહે છે અહીં તો,
કહે રોજ રાતો, ગઝલનું નગર છે.

અહીં શબ્દ કાંટા અને  શબ્દ મરહમ,
પગરખાં ન રાખો, ગઝલનું નગર છે.

સજે ઇશ્ક ને અશ્ક, દર્દોની મહેફિલ,
મળે જખ્મ લાખો, ગઝલનું નગર છે.

કહીનેય ઈર્શાદ થાકો "ઉરુ" તો,
નવો શેર ટાંકો, ગઝલનું નગર છે.

ઉર્વી પંચાલ 'ઉરુ' – નવસારી – 98799 61267

# દોસ્ત તું

વાત દિલની સંભળાવે દોસ્ત તું,
છો પછી કોના વિચારે દોસ્ત તું?

બે જ કાયમ કામ લાગ્યા છે મને,
એક ઈશ્વર,બીજા સ્થાને દોસ્ત તું.

સ્મિત સાથે પાકી દોસ્તી લાગે છે,
દર્દ હોઠો પર રમાડે દોસ્ત તું.

બેવ પક્ષે એટલે ફાવ્યું હતું,
જેવો હું છું એવો સામે દોસ્ત તું.

કેટલો આભાર માનું હું પ્રશાંત,
આયનો સાચો બતાવે દોસ્ત તું.

**પ્રશાંત સોમાણી – સુરત - 74051 37001**

# જિંદગીમાં વધવા આગળ નિજને એક પડકાર જોઈએ.

જિંદગીમાં વધવા આગળ નિજને એક પડકાર જોઈએ
મેળવો  ઊંચા શિખર પણ નિત સરળ વર્તાવ જોઈએ.

વાત જે એક કાનથી બીજે જતા એ અર્થમાં બદલાઈ,
એટલે નિત વાતનો દોસ્તો ! કઠણ આકાર જોઈએ.

કેટલાયે શબ્દો એના અર્થને બેઠા ગુમાવીને,
એટલે તો નિત ગઝલમાં ઘાત ને અંગાર જોઈએ.

આ તમે આપ્યું ને વળતરમાં ખોટી આ માંગણી રાખો,
આપી ભૂલી જાવ ,એવો આપનો વહેવાર જોઈએ.

રાત જે આ વીતી ગઈ ,ત્યાંથી હા! પાછા તો ફરો આજે!
ભૂલવાની પળ છે ,ત્યાં તારો ક્યાં આ સહકાર જોઈએ !

ઝેર રોજે રોજ વાંચીને તમે મનમાં  ભરો છો ને?
છે ખબર તોયે સવારે તારે તો અખબાર જોઈએ.

છ દિવસથી દોડતો માણસ થાકીને શાંતિ શોધે છે,
થાકતી કાયા 'ને મનને, ખુદ માટે રવિવાર જોઈએ.

ભાર જીવનનો ઊંચકવો જિંદગીમાં આ સરળ થઈ જાય,
એ માટે આ  જિંદગીમાં પ્રેમનો તહેવાર જોઈએ.

પાપ ચારેકોર માથું ઊંચકી જનને સતાવે છે,
નાથવા આ નાગને, કોઈ હવે અવતાર જોઈએ.

જિજ્ઞેશકુમાર ડી. ત્રિવેદી 'પ્રકાશ' – અમદાવાદ – 96627 49582

# જે હૈયે વસે

જે હૈયે વસે, હોઠ પર એ જ આવે
મને એક સાથે કળા બે, ન ફાવે

કરું ભુલ જ્યારે, તરત એ બતાવે
કોઈ મિત્રતા એવી રીતે નિભાવે

ગજા બહારનું પહેલા સપનું સજાવે
પછી? એ જ રાતોની નીંદર ઉડાવે

સૂરજની પ્રતીક્ષામાં સૌ જે ગુમાવે
હૃદય મારું, ઉત્સવ શશીનો મનાવે

શું તાકાત એની કે આંસુઓ લાવે?
પીડાઓ તો આવે, ને ગઝલો લખાવે

એ ઈચ્છે ને ત્યારે રડાવે, હસાવે
પ્રણયને કોઈ લાડ આવા લડાવે?

તું કિનખાબ પહેરે ને અત્તર લગાવે
જીવન મારું, કેવળ ખુમારી દિપાવે

સંદીપ પૂજારા - સુરત – 97732 93821

# એક દી' એવોય આવશે

એક દી' એવોય અવસર આવશે,
તું નવોઢા થઈ કદી ઘર આવશે.

એ નદીને કેદમાં રાખી છે મેં,
શોધવા એને શું સાગર આવશે ?

આવશે મારી ગઝલનું માંગુ લઇ,
કોઈ મોટો રાજકુંવર આવશે.

ચાંદનીનું થઇ જશે ખંડિત 'ગુમાન',
તું મને મળવા જો છત પર આવશે.

ગિરીશ પોપટ 'ગુમાન' – સુરત – **98241 25608**

# ગઝલ

એક દી' એવોય અવસર આવશે,
તું નવોઢા થઈ કદી ઘર આવશે.

એ નદીને કેદમાં રાખી છે મેં,
શોધવા એને શું સાગર આવશે ?

આવશે મારી ગઝલનું માંગુ લઇ,
કોઈ મોટો રાજકુંવર આવશે.

ચાંદનીનું થઇ જશે ખંડિત 'ગુમાન',
તું મને મળવા જો છત પર આવશે.

ગિરીશ પોપટ 'ગુમાન' – સુરત – **98241 25608**

# સલાહ

સાચું કહું હું ઘરમાં રહેજે
સમજીને ભીતરમાં રહેજે

જીવનની સુરક્ષા માટે
તું ઘરના ઉંબરમાં રહેજે

હાથ હંમેશા સાફ રાખજે
સૌથી થોડો પરમાં રહેજે

કોરોના લઈ ફરનારાથી
બે ત્રણ ગજ અંતરમાં રહેજે

હાથ મળે નહીં એ પણ જોજે
વંદનથી આદરમાં રહેજે

હમણાં ક્યાંય સફર કરતો નહીં
તું તારા જ નગરમાં રહેજે

મનસુખ નારિયા – સુરત – ૯૪૨૬૮૧૨૨૭૩

# નથી જ નથી

આના સિવાય કોઈ મને જામતી નથી,
છે આજ એવી આજ ફરી આવતી નથી.

એને મળું કે ના મળું, સરખું જ હોય છે,
એ ખુદની સાથે ખુદને હવે લાવતી નથી.

જીવતા જીવત ઉભો છું હું દરવાજે સ્વર્ગના,
અંદર જવાની મારી કને પાવતી નથી.

હું માત્ર આંખ જોઈને સમજી જતો બધું,
આંખો બતાવી માં હવે સમજાવતી નથી.

મારો સ્વભાવ એવો છે, જાણે કે રણ પ્રદેશ,
જ્યાં કોઈને ય ઠેસ કદી લાગતી નથી.

રાકેશ 'મિત્ર' રાઠોડ – સુરત – 9664837783


राष्ट्रीय कला केन्द्र
ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ
તા. ૨૨-૦૯-૨૦૨૦ સમય રાત્રે ૯ કલાકે
પ્રમુખ શ્રી કિરણસિંહ ચૌહાણ
કવિગણ
આરતી જોશી - સુરત | ચિરાગ પાધ્યા - સિદ્ધપુર
ધાર્મિક પરમાર - મુંબઈ | હિના શાહ - નવસારી
કુસુમ કુંડારિયા - જૂનાગઢ | લીલાબેન પટેલ - નવસારી
મેઘા સોની - રાજકોટ | પ્રભુદત્ત ભટ્ટ - ભરૂચ
પિયુષ ભટ્ટ - સુરત | સંદીપ પટેલ - ઈડર
નિતેશ ટાંક - સુરત | બકુલેશ દેસાઈ - સુરત
રીના મહેતા - સુરત | જય કાટવાળા - સુરત
સુનિલ શાહ - સુરત

થયું તોફાન પાણીમાં,
બધાંનું ધ્યાન પાણીમાં.

તમારી આંખ ભીની થઇ,
અમારું સ્થાન પાણીમાં !

તરાપો થઇને કીડીનો,
તરે છે પાન પાણીમાં.

હયાતી તો હવામાં છે,
થયું એ ભાન પાણીમાં.

પહોંચ્યું છે કુપાત્રોને,
ગયું ને દાન પાણીમાં !

તરસની વારતાઓનું,
અનુસંધાન પાણીમાં.

કર્યું વર્તન તમે એવું,
બધું સન્માન પાણીમાં.

**કિરણસિંહ ચૌહાણ – સુરત**

સ્મિત આપ્યું'તું અને થઈ'તી સવાર,
એવું કર ને તું ફરીથી એકવાર !

પાંપણો પર હોય છે ક્યારેક ભાર,
આ જ છે આખી કથાનો ટૂંકસાર.

દ્વાર ખુલ્લાં છે ને શણગાર્યું છે ઘર,
તું હવે જ્યાં હોય ત્યાંથી આવ યાર !

આમ પાછું દૂર પણ કહેવાય નહીં,
કોઈ અંદર રહી ગયું ને કોઈ બહાર !

હું તને મૂકીને આવ્યો ગામડે,
ને અહીં વરસાદ આવ્યો ધોધમાર.

કિરણસિંહ ચૌહાણ – સુરત

વધુ પડતાં મધુર, ઊર્મિસભર વ્યવહારનું જોખમ,
તમારા પર ઝળુંબે છે ઘણાના પ્યારનું જોખમ.

નથી એ તીરનું જોખમ, નથી તલવારનું જોખમ,
અણી વખતે જ પાંપણના થતા પલકારનું જોખમ.

તમારા હાથથી જો થઇ જશે ઉદ્ધારનું જોખમ,
અમારા પર સતત રહેશે પછી આભારનું જોખમ.

તમે તો સાદગીમાં પણ પરી જેવાં જ લાગો છો,
પછી શું કામ લો છો આટલા શણગારનું જોખમ !

દીવાલો, છત બધું મજબૂત છે આ મ્હેલનું તોયે,
સતત એનાંયે માથે હોય ખુલ્લાં દ્વારનું જોખમ.

કશું નહોતું તો કેવી મીઠી નીંદર આવતી'તી હેં,
હવે ઊંઘવા નથી દેતું ભર્યા ભંડારનું જોખમ.

અચાનક આવીને લઇ જાય તો પ્રકરણ તરત પૂરું,
મરણ કરતાંય કાતિલ મોતના અણસારનું જોખમ.

**કિરણસિંહ ચૌહાણ – સુરત**

સમયસર છોડી દીધું છે,
સમય પર છોડી દીધું છે.

મગજ શિક્ષિત કર્યું પણ દિલ,
નિરક્ષર છોડી દીધું છે.

રહી ગઇ આંખમાં નીંદર,
ને બિસ્તર છોડી દીધું છે.

છતાં સંસાર ના છૂટ્યો,
ભલે ઘર છોડી દીધું છે.

હવે રાજાનો રાજા છું,
મેં લશ્કર છોડી દીધું છે.

**કિરણસિંહ ચૌહાણ – સુરત**

મૂલ્ય ઘટતું જાય છે અહીંના બધા શણગારનું,
હા, મને દેખાય છે થોડુંક પેલે પારનું.

જ્ઞાન મેળવતાં રહ્યાં બસ દુન્યવી વ્યવહારનું,
આપણે જીવ્યાં ખરાં પણ માત્ર બારોબારનું.

જેમ અજવાળું થયું'તું વીજના ચમકારનું,
એમ અંધારું થયું છે આંખના પલકારનું.

ધારણા કરતાં વધારે શ્વાસ લઇને છેવટે,
માન તો રાખ્યું જ છે મેં આ બધા ઉપચારનું.

આ જ તો ઇચ્છા રહી છે આપણી આખર સુધી,
કોઇ મળવું જોઇએ બસ આપણા આકારનું.

કિરણસિંહ ચૌહાણ – સુરત

સુખ ગયું'તું એ જ રીતે દુઃખ રવાના થઇ જશે,
આપણા દિવસો ફરીથી બહુ મજાના થઇ જશે.

મારી જે નિંદા કરે છે એમને કરવા જ દો,
સત્ય જ્યારે જાણશે મારા દિવાના થઇ જશે.

આપણે મોટા થવા કંઇ પણ નહીં કરવું પડે,
આપણી ઇર્ષ્યા કરીને લોક નાના થઇ જશે.

બોલવામાં સહેજ પણ આ જીભ જો લથડી જશે,
આપણા મજબૂત કારણ ત્યાં બહાના થઇ જશે.

આપને સંકોચથી સ્પર્શ્યો હતો એ સ્પર્શ પણ,
જાણ નહોતી આટલા મોંઘા ખજાના થઇ જશે.

**કિરણસિંહ ચૌહાણ – સુરત**

એક રસ્તો છે જ કે ટેવાઇને પૂરું કરું,
પણ હૃદય કહે છે કે ના... ટકરાઇને પૂરું કરું !

બહાર બહુ અટવાઇને, મૂંઝાઇને પૂરું કરું,
એનાં કરતાં ભીતરે રંગાઇને પૂરું કરું.

છે વિનંતી એટલી કે કોઇ ફરમાઇશ ન કર,
ગીત એક પોતાને ગમતું ગાઇને પૂરું કરું.

મુક્ત રહીને પૂરું કરવામાં છે મોટો ફાયદો,
તોય એવું થાય કે બંધાઇને પૂરું કરું.

હું તને જોવા જ તો ભટક્યા કરું જન્મોજનમ,
તો તને નહિ થાય કે દેખાઇને પૂરું કરું !

કિરણસિંહ ચૌહાણ – સુરત – ૮૧૪૧૦ ૩૩૩૧૦

# વાત કર

દોરડા  પર  ચાલવાની વાત કર,
હાથ ઝાલી રાખવાની વાત કર.

આ નગર છોડી ગયા છે મોરલા,
મનમાં ટહુકા પાળવાની વાત કર.

પાંખ તો આપી ખુદા એ હોંશથી,
બસ  હવે તું  ઊડવાની વાત કર.

મેં પ્રણયની વાત માંડી આજ થી,
ના  જરાયે  ટાળવાની  વાત  કર.

પોખવાની રાહમાં સુખ ઊભું છે,
દુઃખ ને તું પરણાવવાની વાત કર.

ચાકડે  ઇચ્છા  ચડાવી  રાખ નઇ,
મન મુજબ એ ઢાળવાની વાત કર.

વાત કરવાની હતી એ વાત કર,
મૌન પાળી બોલવાની વાત કર.

સામ સામે બંધ રાખ્યા બારણાં,
કોઈ બ્હાને ખોલવાની વાત કર.

**આરતી યુ જોશી - સુરત - 79904 63220**

# ક્યાં જાણી શક્યા

રસ ચૂસી ભમરા ફૂલોનો, હાલ ક્યાં જાણી શક્યા !
આંખ નીતરે કેમ આંસુ ? ગાલ ક્યાં જાણી શક્યા !

જીતશું શતરંજ ક્યારે ? બાદશાહ પણ મૌન છે,
કોણ ક્યારે ચાલશે શું ? ચાલ ક્યાં જાણી શક્યા !

ટેરવા સળવળ કરે છે, પામવા એ સ્પર્શને,
ઓસર્યો મળશે હવે એ વ્હાલ ક્યાં જાણી શક્યા !

હામ હૈયે રાખશું પણ, વાટ છોડીશું નહીં,
શું પછી મળશે અમોને, કાલ ક્યાં જાણી શક્યા !

પ્રીતની છેડી મેં સરગમ, બેય દિલ ઝૂમી ઉઠ્યા ,
સાથ અંતર દઈ રહ્યા એ, તાલ ક્યાં જાણી શક્યા !

છે ખજાનો પ્રીતનો અનમોલ, સમજો ના ફકીર,
મૂલ્ય ભદ્રા પ્રેમનું ? કંગાલ ક્યાં જાણી શક્યા !

ચિરાગ પાધ્યા - ભદ્રા, સિદ્ધપુર - 98250 36972

## સંભળાય છે?

ક્યાંકથી પડઘો હવે પડઘાય, તે સંભળાય છે?
ભીતરે ચિચિયારીઓ બહું થાય, તે સંભળાય છે?

મંદિરે કીધી ભજન-સંધ્યા ને વ્હેંચ્યા લાડવા,
પણ શિખર પર કાગડો કૈ ગાય, તે સંભળાય છે?

બંધ છે બારી અને વાંસ્યા છે દરવાજા અમે,
કોઇ હળવેથી જ ઉપડી જાય, તે સંભળાય છે?

એક ચાલુ ટ્રેનમાં લટકી રહ્યું પંખી જુઓ,
ડાળ, માળો, વૃક્ષ ત્યાં અકળાય, તે સંભળાય છે?

શુષ્ક છે આંખો ને હોઠે સ્મિત લઈ બેઠા છતાં,
દોસ્ત! આ મારું હૃદય કકળાય, તે સંભળાય છે?

**ધાર્મિક પરમાર 'ધર્મદ' – મુંબઈ – 98921 89826**

# વાસ્તવિકતા

છે મરદ તો કોઇના યે બાપથી ડરશે નહીં,
કૃષ્ણ છે તો દ્રૌપદીના ચીર ઉતરશે નહીં.

સાચવે જે આબરૂ મા, બેન, દિકરીઓ તણી,
એ બધાં જઈ પથ્થરો પર ચૂંદડી ધરશે નહીં.

જન્મદાત્રી જો ગણે સૌ માન આપી સ્ત્રીને તો,
જન્મતાં પહેલાં જ દિકરી ગર્ભમાં મરશે નહીં.

મા જો હાલરડાં ન ગાશે પારણામાં શૌર્યના,
તો શિવાજી કોઈની કૂખેથી અવતરશે નહીં.

લાગણી ને હૂંફ આપી દો ઉઘાડી આંખને,
આંખ મિંચાયા પછી તો કોઈ કરગરશે નહીં.

માણસોથી જિંદગીભર છેતરાયો હોય જે,
ખાતરી એની હિના શું કે એ છેતરશે નહીં.

હિના શાહ 'મહેંદી' - નવસારી  - 94271 37701

# ક્યાં સુધી જીવી શકાશે

મૌન ઓઢી ક્યાં સુધી જીવી શકાશે?
ભૂલ શોધી ક્યાં સુધી જીવી શકાશે?

શબ્દની કિંમત હશે કોડી ખબર છે,
આમ કો'થી ક્યાં સુધી જીવી શકાશે?

સાવ મૂંગી ચીસને હૈયેજ  ચાંપી.
દુ:ખ પોંખી ક્યાં સુધી જીવી શકાશે?

વ્યર્થ ચિંતા લઇ ફરી લીધું બહુ મેં.
સાવ છોડી ક્યાં સુધી જીવી શકાશે?

બુદ્ધ થઇ પીડા પચાવી છે જુઓ તો,
હાથ જોડી ક્યાં સુધી જીવી શકાશે?

છંદ: ગાલગાગા ગાલગાગા ગાલગાગા

**કુસુમ કુંડારિયા – જૂનાગઢ – 94091 51212**

# બારે મેઘ થયા ખાંગા

એની યાદોમાં બારે મેઘ થયા ખાંગા;
મારી આંખોમાં બારે મેઘ થયા ખાંગા.

વર્ષો બાદ મળ્યા બંને જણ સાવ અચાનક;
વાતો વાતોમાં બારે મેઘ થયા ખાંગા.

ટીપાં પડતાં 'તાં ટપટપટપ, ઝીલવાં ગઇ ત્યાં -
મારાં હાથોમાં બારે મેઘ થયા ખાંગા!

ભીનીભીની સોડમ જ્યાં ફેલાણી એની;
આહા ! શ્વાસોમાં બારે મેઘ થયા ખાંગા.

સપનાની વણજાર હતી એ પાછી ફરતાં-
ખ્વાબો ખ્વાબોમાં બારે મેઘ થયા ખાંગા.

સળવળસળ સળવળસળ હોઠો તવ સળવળ્યાં;
ઘરનાં કાનોમાં બારે મેઘ થયા ખાંગા.

એક ટકોરે વાદળ છલકાયું છલછલછલ!
'સ્નેહી' કાવ્યોમાં બારે મેઘ થયા ખાંગા.

**મેઘા સોની 'સ્નેહી' - રાજકોટ - ૯૦૯૯૦ ૨૨૫૦૨**

# ટૂંકી પછેડી

પછેડી હોય જો ટૂંકી તો પગને વાળવો પડશે,
નહીં તો કામ હર કરવા અહમ્  ઓગાળવો પડશે.

હજારો રાત સ્વપ્નામાં અધૂરી ઊંઘથી જાગે,
હવે  એ સ્વપ્નનો  સંગાથ પાછો ટાળવો પડશે.

મશાલો તો બુઝાતી જાય અજવાળું વિલાશે પણ,
થશે   અંધાર  પ્હેલાં  ખાટલો સંભાળવો  પડશે.

અહીં બોલાય છે શબ્દો તો લાખો ને હજારોમાં,
કયો સચ્ચાઈનો છે એ શબદ લઈ ગાળવો પડશે.

ઘટે છે કેમ આતમ જળ જરા તું  ઝાંક ભીતરમાં,
હવે  ખારાશ  સારી  કાઢ  કૂવો ખાળવો પડશે,

બને  છે  અહીં ચમત્કારી ઘણી ઘટનાઓ નિહાળો,
નજર  ચોમેર નાખી  દિવ્ય ઈશને ભાળવો પડશે.

**લીલાબેન પટેલ 'ઝલક' – નવસારી – 94288 82566**

# હું તારો

સારોય છું અને હું થોડો ખરાબ છું,
જેવો ગણે ભલે હું તારો જવાબ છું.

પરવરદિગાર તારી દુઆ ઘણી મળી,
તારો જ માનજે હું તારો રૂઆબ છું.

સૂણી કદીય કોણે પંખીની વેદના,
આ વાયરા સમો હું તારો હિસાબ છું.

લંબાવ હાથ તારો કાંટા ખરી ગયા,
સ્પર્શી લઉં તને હું તારો ગુલાબ છું.

માને નહીં તું મારું સાચું કહું છતાં,
પુષ્પે થઈ વસ્યો હું તારો શબાબ છું.

માણીય લે મને તું માણીશ હું તને,
હા! ખોલજે મને હું તારો નકાબ છું.

આગાઝ થૈ ગયો છે તારા મુકામનો,
સ્વીકારજે મને હું તારો ખિતાબ છું.

પ્રભુદત્ત ભટ્ટ- ઝાડેશ્વર - ભરુચ - 99250 93438

# હું વાલામુઈ

સવા સોળમે ચોમાસે નાવણિયું મેલી નદીએ નાહવા ગઈ હું વાલામુઈ,
હૈયે હડિયું કાઢી એવી ઉતાવળી થઈ ઉંબર વિસરી ગઈ હું વાલામૂઈ.

મન થયું કે  ઝીણાં જળમાં ઝબોળાઇને  હાયલને દોડી લઉં,
મન થયું કે ભરચક ભરચક ભીંજાઈને શમણાં ઓઢી લઉં,
શ્રાવણ શૈડ્યુ શેડકઢી લઈ શૈશવ વિસરી ગઈ હું વાલામૂઈ,
હૈયે હડિયું કાઢી એવી ઉતાવળી થઈ ઉંબર વિસરી ગઈ હું વાલામૂઈ...

એક ઘડી હું નાહ્વા બેઠી, કોતર હેઠી, મદભર માથાબોળ સખીરી,
કાળમીંઢની નજરું વેઠી,જળમાં પેઠી, રગરગ રાતીચોળ સખીરી,
ભમ્મરીયાળા વ્હાલ વમળમાં ઊંડે  ઉતરી ગઈ હું વાલામૂઈ,
હૈયે હડિયું કાઢી એવી ઉતાવળી થઈ ઉંબર વિસરી ગઈ હું વાલામૂઇ

**પીયૂષ ભટ્ટ – સુરત - 94272 07939**

# ટેવ પાડો

ભાગ્યને ઝાલી કપાળે, કૂટવાની ટેવ પાડો.
આમ ઈચ્છા ઘૂંટણીએ, પાડવાની ટેવ પાડો.

શ્વાસનાં વૃક્ષો ધરાશાયી થતાં હો, તો થવાં દો!
જયાં ગમે ત્યાં, ભીંત ફાડી, ઊગવાની ટેવ પાડો.

કાળમુખા દૃશ્ય ભટકાશે, નજર સામે નિરંતર,
એ સમયની જેમ ના, વાગોળવાની ટેવ પાડો.

રાખશે જગ, એક હાથે ફૂલ, બીજે હાથ ખંજર,
'શું છે ઈશારા, ઈરાદા?' પામવાની ટેવ પાડો.

નિતનવા રૂપો ધરી, મજબૂર કરતી હો "કસક" જે,
પીડ દેવીને ય કૈં, હંફાવવાની ટેવ પાડો.

(ગાલગાગા*4)

**સંદિપ પટેલ 'કસક' – ઈડર – 94297 45229**

# જીવું

સૂકી આંખમાં સ્વપ્ન જોઈને જીવું
વિફળતાના કૈં ડાઘ ધોઈને જીવું

મને તો અભિશાપ પુરુષપણાનો,
તું જો મોકલે આસું, લોઈને જીવું.

મહાલય છે મારું આ અભરે ભરેલું !
ઝુરાપાનાં બી તોય બોઈને જીવું !

ગણો તો છે મિત્રોનું વર્તુળ મોટું..
પરિઘેથી બસ, જોઈ જોઈને જીવું !

અરે,નામ કોનું આ હોઠોથી નીકળ્યું?
ન જમવા હું પામ્યો રસોઈ ને જીવું !

બકુલેશ દેસાઈ – સુરત – ૯૮૨૫૧ ૫૨૯૨૩

# સગર્ભાવસ્થાનું ગીત

કોરીકટાક હું તો માટી હતી ને
મારી ભીતર એક બીજ એવું ફણગે....
અધરાતે મધરાતે ઝબકીને જાગું
કોઈ લીલુંછમ લીલુંછમ ફરકે....

સૂકી બપોરની વેળામાં જાણે કે
ઝરમરતાં ફોરાંઓ ઝીલું,
આમતેમ આમતેમ ઊડે પતંગિયાં
કે ખીલું હું ખીલું હું ખીલું.....
એકલાઅટૂલા એક વાયરાને ભેટું તો
વાંસળી થઈને એ તો છલકે....
કોરીકટાક હું તો......

મારામાં કોઈ ઝીણી પગલી પાડે ને પછી
મારામાં રસ્તાઓ ખૂટે,
ટમટમતો તારલો આભેથી ઉતર્યો કે
અંધારે અજવાળાં ફૂટે,
હાલરડું હળવેથી રુદિયામાં હીંચે
ને આકાશે દોર એની સરકે....
કોરીકટાક હું તો........

હાથો ને હાથો,   ને  આંખોને આંખો
ને  કાનોને કાન બીજા ઊગે,
સાવ રે સોનાની મારી ઝલમલતી કાયા
કે પ્રાણોના પ્રાણ એને પૂગે,
દર્પણના દરવાજે બેઠી હું જોતી કે
મારામાં બીજી 'હું' ધબકે......

રીના મહેતા – સુરત – ૯૯૮૦૦ ૨૪૩૦૪

# ગઝલ

એની ધૂનમાં એ રીતે નીકળી ગયા
ખુદ અમે પોતાનું ઘર ભૂલી ગયા

કૈંકને ઓછી પડી આ જિંદગી
કોઈ પળભરમાં જીવન જીવી ગયા

આ નજર પણ પહાડ જેવી થઈ ગઈ
કંઇક ત્યાં આવી ચડ્યા, ઉતરી ગયા

મારપીટ વિશ્વાસ ને શંકાની થઈ
હાથપગ સંબંધના ભાંગી ગયા

માંડ માંડ આવે છે લોકો દ્વાર લગ
આપ તો સપના સુધી પહોંચી ગયા

જય કાંટવાલા – સુરત – ૯૦૯૯૧ ૮૪૬૧૯

# ગઝલ

અમે તો પ્રેમનાં માર્યા, તમે શું મારશો અમને!
વ્યથા પ્રેમી થયાની છે, ભલા સંભાળશો અમને?

વફા કીધી નથી એવું જણાવો છો બધાને પણ,
બહાનાં આ બધા ખોટા ખરાં છે, માનશો અમને?

સજા મંજૂર છે સઘળી, ગુનાહો હોય જો મારા,
પરંતુ પ્રેમની આવી દશા સમજાવશો અમને?

હું બેઠો આશ માંડી દ્વાર જો તારાં હજુ સાકી,
કદી ઉઘાડશો બારી, દિલે અપનાવશો અમને?

મિલનની એ ક્ષણોની યાદમાં, હરખાય છે મનડું,
હવે શું આંખમાં હેલી બની વરસાવશો અમને?

સમર્પણ તો કરી બેઠો જીવનમાં હું બધું મારું,
ખબર ન્હોતી, તમે આવા નઠારા ધારશો અમને.

જરા અમથી જ વાતોમાં તું ઈશ્વર આમ ના રૂઠે!
કરી અપરાધ 'નિત'નાં માફ, ભવમાં તારશો અમને.

છંદ :- હજઝ 28..માત્રા લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા

નિતેશ ટાંક – સુરત – 81607 59082

# ગઝલ

શક્યતાના એક એવાં દ્વારની વચ્ચે ઊભો છું,
એમ લાગ્યું, ફૂંક ને અંગારની વચ્ચે ઊભો છું.

જિંદગીના કેટલા પડકારની વચ્ચે  ઊભો છું,
મધ્યમાં, આ પાર કે ઓપારની વચ્ચે ઊભો છું.

કોણ  છું હું; પ્રશ્ન ખુદને એટલે પૂછું સતત કે,
હું વિશેષણની સતત ભરમારની વચ્ચે ઊભો છું.

એક માણસ અન્યને આપે ખભો એ જોઈ લાગ્યું,
આજ ઈશ્વરના નવા અવતારની વચ્ચે ઊભો છું !

કેટલું રાખું વજન, ને કેટલું ત્યાગી શકું હું..?
કોઈ નિર્ણય થાય નહિ, એ ભારની વચ્ચે ઊભો છું.

દર્દ નામે માછલીની આંખ હું તાક્યા કરું રોજ,
કરવું છે સંધાન, એ નિર્ધારની વચ્ચે ઊભો છું.

સુનીલ શાહ – સુરત – ૯૪૨૬૮ ૯૧૬૭૦


राष्ट्रीय कला केन्द्र
ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ
તા. ૨૩-૦૯-૨૦૨૦ સમય રાત્રે ૯ કલાકે
પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ પારેખ
કવિગણ
અનિલ દવે - અમદાવાદ | ભરત વાળા - ભાવનગર
ભારતી ગડા- મુંબઈ | ચેતના ગણાત્રા - મુંબઈ
દિલીપ ચાવડા - સુરત | ગણપત પટેલ - અમદાવાદ
કિરણ શાહ - અમદાવાદ | કોકિલા રાજગોર - થાણા, ભીવંડી
મુકેશ રાઠોડ - રાજકોટ | સંગીતા ચૌહાણ - સુરત
શૈલેષ પંડ્યા - જામનગર | સુનિલ કઠવાડિયા - વડોદરા
હેમંત મદ્રાસી - સુરત | પ્રજ્ઞા વશી - સુરત | દિવ્યા મોદી - સુરત

# વાસણ

આ તાંબાનો લોટો
અશોક વસંતરાવ કળવીણકરનાં
સ્મરણાર્થે ઘરમાં આવેલો

એલ્યુમિનિયમની ડોલ પર
નામ છે બાપુશેઠ ઘોંડુશેઠ સોનારનું
નામ કોતરનારે ઘોંડુને બદલે
ઘોડું કોતરી મારેલું
પણ નામ હતું ને કોતરાઈ ચૂક્યું હતું

આ કૂકર બાપાની સ્મૃતિમાં વહેંચેલું
નામ કોતરેલું મગનશેઠ ગણપતશેઠ પારેખ
પણ હાથમાંથી બે ત્રણ વખત છટકી ગયેલું
એટલે 'શેઠ' છુંદાઈ ગયેલા
કૂકરથી બહેન રીસાયેલી
નામ આગળ સ્વર્ગસ્થ નો'તું કોતરાવ્યું એટલે
એ કૂકર ન લઇ ગઈ
ઘરમાં જ રહ્યું
પછી તો ઘણું 'રંધાયું' એમાં
ને નામ પણ
બાપાના સ્વભાવની જેમ જ તપતું રહ્યું છે

કાંસાની થાળી કુસુમકાકી વખતે વહેંચેલી
એય પડી તેવી જ તૂટી ગઈ-
કાકીની જેમ જ!

સસરાની સ્મૃતિમાં ચાંદીની થાળી આપેલી
શાંતારામ કાવટકરને નામે
સાસુએ એક થાળી વધારે આપેલી દોહિત્રને
ને એમ બે શાંતારામ ઘરે આવેલા
પછી તો સાસુ પણ ગઈ
ઘરમાં ચાંદીના પવાલાનો વધારો થયેલો
સ્વ.દ્વારકાબાઈ શાંતારામ કાવટકર નામ હજી

તાજું જ છે
તે એટલા માટે કે મારી પત્ની એમાં
પાણી નથી પીવા દેતી!
ચાંદી છે, ઘસાય તો ખરી જ ને!

આ પિત્તળનો વાટકો મારા મિત્રે વહેંચેલો
તેનો દીકરો નદીમાં ડૂબી ગયેલો તેની યાદમાં-
નામ કોતરનારે ચિ. ચિંતનના સ્મરણાર્થે
કોતરી મારેલું
પણ થાય શું?
નામ હતું ને ચિરંજીવી કોતરાઈ ચૂક્યું હતું
એ આપતી વખતે ભાભીનું કાળજું ચીરાયેલું
રોજ એ વાટકો વીંછળાય છે
પણ પેલાં આંસુ ધોવાતાં નથી

વાસણો એટલાં વપરાયાં છે કે
હવે તો નામોય માંડ વંચાય છે
એમ લાગે છે જાણે મારું ઘર
ભંગારની દુકાન છે
મારા ઘરમાં એક્કે વાસણ નામ વગરનું નથી

જોકે એક વાસણ હજી કંસારાની દુકાનમાં છે
મારે ત્યાં આવવાની ઉતાવળ કરતું
ઈચ્છા તો એવી છે કે મારું નામ એના પર જોઇને જાઉં
નામ કોતરતા કંસારાનો હાથ દુકાનેથી જ
મારા પર ફરતો હોય તેવા અવાજે  હું ચમકું છું
ને એકાએક વાસણ થવા લાગું છું...

રવીન્દ્ર પારેખ – સુરત

# ગઝલ

આપણે જવાનું છે,
શું બીજું થવાનું છે!

હાથ જો તું ફેલાવે,
કેદ થૈ જવાનું છે.

તું ઊભી છે ઠોકરશી !
તો, તો વાગવાનું છે.

કામ તારું ભીંતોને,
બૂમ પાડવાનું છે.

ક્યાં બીજા વિકલ્પો છે?
માત્ર જીવવાનું છે.

શું કરીશ શ્વાસો થૈ?
કામ એ હવાનું છે.

જાતની ગડી કરતાં,
ઊકલી જવાનું છે...

રવીન્દ્ર પારેખ – સુરત

# કૈં સારી નહીં

હોય કાયમ હાશ, કૈં સારી નહીં,
એકલી ટાઢાશ કૈં સારી નહીં

લાખ નિરાશા પછી આવે તો ઠીક,
બાકી કેવળ આશ કૈં સારી નહીં.

વાત પોતાની જ સાથે થઈ શકે,
એવી આ નવરાશ કૈં સારી નહીં.

તું ભલે ફુગ્ગા સમું ઊંચું ઊડે,
પણ બધી હળવાશ કૈં સારી નહીં.

આંખ છે તો આંસુઓ ભેગા ન કર,
એકલી ખારાશ કૈં સારી નહીં.

એ ભલે સાથે રહે છે, જન્મથી
પણ, વિકસતી લાશ કૈં સારી નહીં.

રવીન્દ્ર પારેખ – સુરત

# ગીત

અલ્યા, કાગળ પર ચીતરે છે મોર !
મોરને તો નાનકડું છોકરું યે ચીતરે
હો હિંમત તો ટહુકો તું દોર...

મારામાં રાખી અકબંધ મને ચોરે
તો એવો તે કેવો ઘરફોડું
છતરીની જેમ મને ઓઢીલે આખી
ને પલળે છે તોય થોડું થોડું !
પાણીથી ઠીક, જરા પલળી બતાવ મને
હોય જયારે કોરું ધાકોર...

મેલું આકાશ ખૂલે જડબાંની જેમ
જાણે ખાતું બગાસું કોઈ લાંબું
વાદળાંય આમ તો છે કાંઈ નથી બીજું
છે ઠળિયા વિનાનાં બે'ક જાંબુ
વાદળાં કે જાંબુ તો ઢગલો તું ચોરે
જરા આખું આકાશ હવે ચોર...

રવીન્દ્ર પારેખ – સુરત – ૯૩૭૭૯ ૩૯૧૨૩

# હાંસિયામાં ભેદાયો છું

આંકેલા કાગળનાં હાંસિયામાં ભેદાયો છું,
હા, કોરાં કાગળની કિનારીમાં વિંધાયો છું.

ચાંદો પણ આજે વાદળ પાછળ સંતાઈ ગયો છે,
દોર વધું લંબાતાં પડછાયામાં લોભાયો છું.

જીવનના દર્દોને કમને છુપાવી બેઠો છું,
ભડકે બળતાં દર્દોની ચિત્તામાં શેકાયો છું.

ક્ષણોની લોલુપ્તામાં આત્મા સલવાઈ ગયો છે,
લોલુપ મહેચ્છાઓની અવઢવમાં ગુંથાયો છું.

નરની મેલા મનની મુરાદો દેખી ચોંક્યો છું,
લુછીને ફેંકાયેલાં પોતામાં ભિંજાયો છું.

**અનિલ દવે 'અનુ' – અમદાવાદ – 98790 06451**

# નોંધ

દરદની દવાની નોંધ લીધા જેવી  છે,
સફરમાં હવાની નોંધ લીધા જેવી છે.

સમયછેનગરની ખોજમાં મોજ કરીલે,
કબીરને  કૂવાની  નોંધ લીધા જેવી છે.

ઉગે સૂર્ય  કિરણો  રોજ પ્રસરે વર્તુળમાં,
અક્ષરહો સવાની નોંધ લીધા જેવી છે.

અહીંખુદ રહે ભૂખ્યા જમાડે બીજાને,
ગરીબની દુવાની નોંધ લીધા જેવી છે.

જુના એજવસ્ત્રો ખુદ"ભરત" છોડી હાલે,
એ વસ્ત્રો નવાની નોંધ લીધા જેવી છે.

ભરત વાળા – ભાવનગર – ૯૩૨૭૧ ૦૪૮૯૧

## જાણી શકો તો જાણજો ....

માર્ગ છે મુશ્કેલ ત્યાં ચાલી શકો તો ચાલજો.
બસ ભરોસો ખુદ પરે રાખી શકો તો  રાખજો.

વૃક્ષ લીલાછમ ઘણાં, કાપી નખાયા શહેરમાં
એક તુલસી આંગણે વાવી શકો તો વાવજો.

કૈંક જાત્રા , કૈંક તીરથ જો કરો તો શું થશે?
શ્રેષ્ઠ છે' મા'નું ચરણ જાણી શકો તો  જાણજો.

કોઈને ના આવડે એવા ઘણાં પ્રશ્નો ય છે
ઉત્તરો એના તમે આપી શકો તો આપજો!

છે ઘણી મોંઘી જણસ સૌ કોઈને મળતી નથી
આ કલમને ધારમાં લાવી શકો તો લાવજો.

**ભારતી ગડા – મુંબઈ – 98700 06338**

# શ્રી શ્યામ

મારા હૃદયમાં વાસ છે, પોકારમાં શ્રી શ્યામ છે,
તન મન ને ધન અર્પણ કરું, સંસ્કારમાં શ્રી શ્યામ છે.

એ સાર મારા પ્રેમનો, વિસ્તારમાં શ્રી શ્યામ છે,
અંતર નયનનું નૂર જો, દીદારમાં શ્રી શ્યામ છે.

હું સ્નેહની ધારા બનું, સ્વીકારમાં શ્રી શ્યામ છે,
હર પળ રહે સંગાથમાં, સંસારમાં શ્રી શ્યામ છે.

સત્યમ, શિવમ ને સુંદરમ, અવતારમાં શ્રી શ્યામ છે,
દ્રષ્ટિ પડે જ્યાં આંખથી, આકારમાં શ્રી શ્યામ છે.

ના દર્દની પીડા મને, ઉપચારમાં શ્રી શ્યામ છે,
વ્યાપી ઘણી શાતા સદા, આધારમાં શ્રી શ્યામ છે.

ગોપી કહે જો રીસથી, તકરારમાં શ્રી શ્યામ છે,
રાધા વદન સોહામણું, અણસારમાં શ્રી શ્યામ છે.

ક્ષણ ક્ષણ ખુશી ઝૂમી ઉઠે, ધબકારમાં શ્રી શ્યામ છે,
આ "ચેતના" કલરવ કરે, ને પ્યારમાં શ્રી શ્યામ છે.

હરિગીત છંદ

**ચેતના ગણાત્રા 'ચેતુ' – મુંબઈ – 91672 61361**

# ગઝલ

આંખમાં કાજળ લગાવીને,
નીકળ્યા રાત્રિ સજાવીને.

છાંયડો માણું છું રોજે રોજ,
લાગણીનો છોડ વાવીને.

ચૂપકીથી નીકળી ગ્યું મૌન,
બોલતાને ચુપ કરાવીને.

દીવડાની લાજ રાખી છે,
ઘોર અંધારું બિછાવીને.

જૂઠું ના બોલી શક્યો ખુદને,
આયનાને ઊલઝાવીને.

વાંસની જેમ જ સતત ફૂટે,
લોક ઈચ્છા મન લગાવીને.

ગાલગાગા ગાલગાગા ગા

દિલીપ ચાવડા 'દિલુ' - સુરત - 99796 14450

# આવ્યો છું

ખોવાયો ને ફરી જડીને આવ્યો છું ,
મારી સાથે ખૂબ લડીને આવ્યો છું.

નખશિખ ચોખ્ખો થઇને સામે ઊભો છું,
આંસુઓની જેમ દડીને આવ્યો છું.

મારા  કાબુમાં છે  એ પૂરી  રીતે ,
ભાગ્ય હથેળીમાં જકડીને આવ્યો છું.

દુનિયાની સૌ ચિંતાઓથી મુક્ત રહી
બસ ! જીવવાનો ઘાટ ઘડીને આવ્યો છું.

જે મંજિલ પર આવીને હું ઊભો છું ,
કંઈક હસીને , કંઈક રડીને આવ્યો છું.

મ્હેંકથી સરભર લાગીશ ચારે બાજુથી,
'સૌમ્ય' ફૂલોને સ્હેજ અડીને આવ્યો છું.

**ગણપત પટેલ 'સૌમ્ય' – અમદાવાદ - ૯૮૨૫૨ ૦૪૧૩૭**

## ગઝલ

મુશ્કેલ છે વરસાદમાં કોરું રહી જાવું પડે,
ભીંજાય મનને ભેજને ભીતર ભરી ગાવું પડે.

હા! યાદ હંમેશા રહે છે ખાતરી આપું તને?
એ આટલું બોલી ફરી જાશે ને મૂંઝાવુ પડે.

સ્પર્શી નથી આ લાગણી મારી કદી પણ એમને,
ભીંના નયન કોરા કરી સાથીથી છુપાવું પડે.

હેરાન છું દ્વારે ટકોરા મારતાં ભાગી જશે,
છુપાયને જોયાં કરી સઘળી રમત, આ'વું પડે.

કાયમ અહીં પડદો કરી બોલાવશે શું કામ એ?
સમજણ અહીં ખૂટી પડી કે આજ રિસાવું પડે.

હૈયું સતત રડતું હતું વિષાદ ત્યાં ઘેરી વળ્યો,
ત્યાં મન વગર પણ જીવવા માટે કદી ખાવું પડે.

સંવેદનાનો વ્યાપ વધતો જાય ને હરખાય મન,
વ્હાલા પછી તો વ્હાલમાં તરબોળ થઇ ન્હાવું પડે.

‘કાજલ’ કિરણ પિયુષ શાહ – અમદાવાદ – ૯૦૧૬૩ ૧૭૬૧૯

# પ્રભુ તારજે

ધૂમી રહી આ નાવડી ભવસાગરે પ્રભુ તારજે.
આવી રહી આ નાવડી ભવસાગરે પ્રભુ તારજે.

રોજે કર્યા પાપો ઘણાં, હું આજ જાગી જાણજે..
ડોલી રહી આ નાવડી, ભવસાગરે પ્રભુ તારજે.

ના રે ભજન પણ મેં કર્યા, ના યોગ ધ્યાને મેં કર્યા...
થાકી રહી આ નાવડી, ભવસાગરે પ્રભુ તારજે.

માનવ પણે મેં શું કર્યું? અવતાર આ એળે ગયો..
ઊભી રહી આ નાવડી ભવસાગરે પ્રભુ તારજે.

છેલ્લો સહારો પ્રભુ તણો  જાણું.. હવે બોલાવતું..
છૂટી રહી આ નાવડી, ભવસાગરે પ્રભુ તારજે.

હું કોકિલા જાણું કરમ ભાવો બધા સ્હેવા પડે..
ડૂબી રહી આ નાવડી, ભવસાગરે પ્રભુ તારજે..

છંદ  લગાગાગા (4)

કોકિલા રાજગોર - ભીવંડી થાના – 97300 27882
ઉપનામ (કોયલ, કોકિલા)

## ગઝલ

ન જાણે એ ક્યાંથી યે આવી ચડી છે,
ઉદાસી કદી ક્યાં મને પણ ગમી છે.

ડુબાડી હતી જે પ્રયત્નો કરીને ,
એ જાણે મને મારવાને તરી છે.

ને કાપી તો લીધું'તું તેં નાક મારું,
સુગંધો આ ક્યાંથી તો આવી રહી છે?

કદી હોય ઈચ્છા તો ટેકો તું કરજે,
મને એવી ક્યાં કંઈ જગતની પડી છે?

હતાં જીવતા તો ન પૂછ્યું કદી મન
મર્યા તો કહે છે આ દુઃખની ઘડી છે.

મુકેશ રાઠોડ ‘મન’ – રાજકોટ – 97373 43001

# કૈંક શક્યતા

શબ્દમાં કોયલ હું ટ્હુકાવી શકું,
મૌનને પોથી સુધી લાવી શકું.

ખાતરી દે, તું સપનમાં આવશે,
એમ હો તો, રાત લંબાવી શકું.

આવડે છે હાથચાલાકી મને,
તુજ કનેથી દિલ હું તફડાવી શકું.

દર્દને, એક હો લિપિ બસ ઘાવની,
સ્પર્શથી કેવળ હું વંચાવી શકું.

યાદથી તું તરબતર કાયમ રહે,
રાતરાણી, સમ સ્મરણ વાવી શકું.

તારલી મૈત્રક રચાયું છે સહજ,
આંખના રસ્તેથી હું આવી શકું.

માંડવાને, કીમિયાની ક્યાં ખબર?
મન નહીં, બસ, દેહ પરણાવી શકું.

ફૂલ છું, હદમાં રહી હું વિસ્તરું,
એમ ભમરાને હું હંફાવી શકું.

બંધારણ - ગાલગાગા ૨ ગાલગા

સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા' – સુરત – 63563 81551

# ગઝલ

રોજ પુછે આયનાની તડ મને,
કેમ આ દેખાય ખાલી ધડ મને?

શું કરું ધોખો સ્વજન હું આપનો.
ભીંત પણ સમજે છે જ્યાં ઉજ્જડ મને.

ના વળો ટોળે સ્મરણનાં સ્વાંગમાં,
બહુ ગમે એકાંતની સાંકડ મને.

પાછું ખોળે ખૂંદવું મા તારે, ત્યાં,
લાગતું ચંદન જેવું કીચડ મને.

બે'ક પંખી, એક ટ્હુકો આપશો?
કરગરે બે હાથ જોડી વડ મને.

આશ લીલી રાખ, કૂંપળ ફૂટશે,
શીખવી ગ્યું સાવ સુક્કુ થડ મને.

તન ઘસાઈ જાશે ત્યારે મ્હેંકશે,
સ્હેજ મલકીને કહે સુખડ મને.

જેમ સ્પર્શે ફૂલને પેલ્લું કિરણ,
ઓ ઉદાસી! એમ તું પણ અડ મને.

બે ઘડી મેં શ્વાસને પોરો દીધો,
ત્યાં જ બાંધી ગયું કોઈ સજ્જડ મને !

**શૈલેષ પંડ્યા નિશેષ – જામનગર – 98980 16524**

# ગઝલ

થાકથી લડવા ઉતારો જોઈએ,
મિત્ર મારે એક સારો જોઈએ,

આંગણે બોલાવ ને આવી મળું?
ના, હૃદયથી આવકારો જોઈએ,

આમ હપ્તામાં મને ફાવે નહીં,
પ્રેમ મારે એકધારો જોઈએ,

ઝંખના મીરાની સમજી ના શકો,
ઝેર સાથે એકતારો જોઈએ,

સ્વર્ગમાં હું શું કરું જઈ એકલો,
નર્ક હો પણ સાથ તારો જોઈએ,

આંસુઓ જે રામના લૂંછી શકે,
અંજનીનો એ દુલારો જોઈએ,

ભીષ્મ જાતે પ્રાણ કાઢી આપશે,
માત્ર ગંગાનો કિનારો જોઈએ,

ચાહતા સંતાનને સૌ પોતીકા,
માવતરને ચાહનારો જોઈએ,

હું લખું છું એ ગઝલ બનશે 'અમર',
દાદ સાચી આપનારો જોઈએ

છંદ:- રમલ 19 માત્રા - *ગાલગાગા ગાલગાગા ગાલગા*

'અમર' સુનિલ કઠવાડિયા – વડોદરા – ૯૪૨૯૧ ૯૦૩૧૫

## સપનાં જે જોયાં મેં

સપનાં જે જોયાં મેં, કદી સાચાં પડ્યાં નહીં,
'ના તારાં સપનાં ફળશે', એ ખોટાં પડ્યાં નહીં!

આવીને આપ ચાલ્યાં ગયાં ક્યારે, નહિ ખબર!
ઈચ્છા મુજબના સાથે તો ફોટા પડ્યા નહીં!

ચાલો, બધું સમુસૂતરું પાર તો પડ્યું!
સારું કે કોઈ વાતમાં લોચા પડ્યા નહીં!

વર્ષો ભલે થયાં છે એ પત્રો મળ્યાંને, પણ
એમાંના અક્ષરો જરા ઝાંખા પડ્યા નહીં!

લખતા રહ્યા સદા એ બીબાંઢાળ સૌ ગઝલ!
બીજાથી એટલે કદી નોખા પડ્યા નહીં!

નડતું રહ્યું છે મારું ભૂલકણાપણું બધે!
જો વાત તારા ઘરની હો, ભૂલા પડ્યા નહીં!

માની સદા સલાહ તમારી ને એથી તો
પાસા અમારા કયારે ય ઊંધા પડ્યા નહીં!

હેમંત મદ્રાસી – સુરત – ૯૩૨૭૩ ૮૦૬૭૦

# ગઝલ

ગરજ તારી ય છે, બસ એટલું સમજીને મળવાનું
નમું  થોડી જો હું, તો જિંદગી, તારે ય નમવાનું

હશે નક્કી જ કો' ખેંચાણ, બે ધ્રુવોની વચ્ચે તોજ
વિરોધી ધ્રુવ પર અમને, ગમ્યું છે સાથ રહેવાનું

પછી સૂરજને કહી દીધું, નહીં ઉગે તો શું થાશે
અમે ભીતરને અજવાળે, શીખી લીધું પ્રગટવાનું

મુસીબત શી બલા છે, એ ય જાણું હું બરાબર પણ
મને ગમશે, હસીને જિંદગીને બાથ ભરવાનું

અમે સૌ દ્રોપદીનાં વેશમાં, કુંતીને, ગાંધારી
અમે શક્તિ, અમે ભક્તિ છતાં પૂરવાર થાવાનું?

અમે હોવાપણાંની વેદનાને કહી દીધું છે કે
ભીતર સંવેદનાની હોડમાં તારે ઉતરવાનું

**પ્રજ્ઞા વશી – સુરત – 92283 31151**

# ગઝલ

મંઝિલોની ખબર નથી હોતી,
એને માટે સફર નથી હોતી.

આંખ તો હોય છે બધાં પાસે,
સૌની પાસે નજર નથી હોતી.

ક્યાંક ને ક્યાંક છિદ્ર હોવાનું,
જિંદગી કૈં સભર નથી હોતી.

લે, તને આખેઆખું દિલ આપ્યું;
પ્રેમમાં કરકસર નથી હોતી

ખૂબ ઊંચે ઊડીને શું કરશો ?
જિંદગી ચાંદ પર નથી હોતી.

વાત મારાંથી જે શરૂ થઈ છે,
પૂરી તારાં વગર નથી હોતી.

એક બાજુ સદા સમર્પણ ને
બીજી બાજુ.... કદર નથી હોતી.

**દિવ્યા રાજેશ મોદી – સુરત – 99242 04949**


राष्ट्रीय कला केन्द्र
ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ
તા. ૨૪-૦૯-૨૦૨૦ સમય રાત્રે ૯ કલાકે
પ્રમુખ શ્રી ગૌરાંગભાઈ ઠાકર
કવિગણ
અમૃત વડીયા - સુરત | ભરત ગોસ્વામી - અંજાર, કચ્છ
જીગીશા દેસાઈ - સુરત | કુસુમ પટેલ - મુંબઇ
મીના વ્યાસ - વડોદરા | પાયલ ઉનડકટ - રાજકોટ
પ્રભાકર ધોળકિયા - સુરત | શરદ ત્રિવેદી - પાલનપુર
સ્વાતિ સૂચક - મનિપાલ | વંદના બ્રહ્મભટ્ટ - ભરૂચ
ધ્વનિલ પારેખ - સુરત | એષા દાદાવાળા - સુરત
આસિફ ખાન - સુરત | મંથન ડિસાકર - સુરત
મયંક ત્રિવેદી - સુરત

# ગૌરાંગ ઠાકરના કાવ્યો

1)

કવિતાથી જાહોજલાલી નહીં થાય
પરંતુ ભીતર પાયમાલી નહીં થાય.

કવિતા વગર દોસ્ત એવુ થશે કે
આ સંધ્યાને રંગોની લાલી નહી થાય

તને તું જ પત્રો જો લખતો થશે તો
ઉદાસીનો કોઈ ટપાલી નહીં થાય

2)

જે ક્ષણે પીડા ઘરે આવેશમાં આવી
અમને લાગ્યું કે ગઝલ ગણવેશમાં આવી
કોઈપણ રીતે ઉદાસી ગાંઠતી ન્હોતી
પડતી મૂકી તો ખુશીનાં વેશમાં આવી

3)

જળથી વરાળ થઈ પછી વાદળ બનાય છે ,
મારામાં શું થયા પછી માણસ થવાય છે ?

સૂરજ આ સાંજનો મને એવું કહી ને જાય ,
ઉંચાઈ પર તો ક્યાં અહીં કાયમ જીવાય છે ?

તડકો ગયો ને છાંયડો નક્કામો થઈ ગયો ,
એવી સરળ રીતે અહીં માણસ ભુલાય છે .

એના ખભે તું હાથ મૂકે ત્યાં એ શખ્શનો,
બસ ખ્યાલ આપઘાતનો બદલાય જાય છે.

4)

સૌ પ્રથમ તો ક્યાં જવું છે, એટલું નક્કી કરો,
બસ પછી નક્કી કર્યું છે, એટલું નક્કી કરો.

આમ તો બેઠા રહીયે તો ય ચાલે જિંદગી,
ક્યાં સુધી આ બેસવું છે, એટલું નક્કી કરો?

કોઇની નજદીક આવ્યા છો, પરંતુ આટલા?
તાપવું કે દાઝવું છે, એટલું નક્કી કરો.

આપ લે હૈયાની છે પણ એમની બે આંખમાં,
કાળજું કે ત્રાજવું છે, એટલું નક્કી કરો.

રોજ વધતી વય શરીરી ધર્મ છે મંજૂર, પણ
મોટા કે ઘરડા થવું છે એટલું નક્કી કરો.

5)

દરેક પીડાનું વર્ણન કરાય એવુ નથી
પ્રભુ તને બધુ સમજાય જાય એવુ નથી

પવન તો બાગથી ખુશ્બે લઈને જઈ રહ્યો છે
અને આ ફૂલથી પાછળ જવાય એવું નથી.

તમે આ આંસુ વગરનાં નયન લઈ ક્યાં જશો?
બધાંથી ડૂમાનો અનુવાદ થાય એવું નથી.

તમે તો આંખથી હૈયે જઈ વસી ગયાં છો
હવે બીજે કશે તમને રખાય એવું નથી.

6)

આ તડકાને બીજે ગમે ત્યાં ઉતારો,
નહીં ’તો હરણને ન રણમાં ઉતારો.

હું મંદિરમાં આવ્યો અને દ્વાર બોલ્યું,
પગરખાં નહીં બસ અભરખા ઉતારો.

તમારી નજર મેં ઉતારી લીધી છે,
તમે મારા પરથી નજર ના ઉતારો.

7)

મણકે મણકા સ્થિર થયાં છે
તારા પગલા પીર થયાં છે
જે જગ્યા એ તું મળતી'તી
આજે ત્યાં મંદિર થયાં છે...

8)

માંગુ છુ દુઆ કોઈથી વિખવાદ ન આવે
સંવાદ વગર કોઈ બીજો સાદ ન આવે
દુર્ભાગ્ય બીજું હોય શું એનાથી વધારે
સંગાથમાં તું હોય ને વરસાદ ન આવે

9)

જે ઘડી બે હાથનો ખોબો થયો
ત્યારથી આ જીવનો સોદો થયો
કોઈને નાનો ગણે તો માનજે
એટલો તારો અહમ મોટો થયો

10)

જેના પડછાયા વડે છાંયો પડ્યો
પહેલા એના પર અહીં તડકો પડ્યો
દીકરા સાચે જ તું મોટો થયો
બાપનો આ મહેલ પણ નાનો પડ્યો
શ્વાસનો કુગ્ગો લઈ માણસ અહીં
ટાંકણીનાં શ્હેરમાં ભૂલો પડ્યો ..

11)

બસ હવે તારાથી ચાહત થઈ જાય;
બાકી પૂજા તો ખુશામત થઈ જાય.

જ્યારે દર્પણમાં અદાલત થઈ જાય;
મારી મારાથી મરામત થઈ જાય.

રાહ બસ જોયા કરું છું એની;
કૈંક અંદરનું તથાગત થઈ જાય.

મારી તો એ જ વ્યસનમુક્તિ છે;
જ્યારે મારી તને આદત થઈ જાય.

હું તો ચાહતના ગુના હેઠળ છું;
મારી તારાથી જમાનત થઈ જાય.

તારી વાતોની હિમાયત માટે;
છો ને દુનિયાથી બગાવત થઈ જાય.

સહુને સરનામુ મળે મારામાં;
મારામાં એવી વસાહત થઈ જાય.

એમ જીવ્યો છું જીવન આખું દોસ્ત;
જેમ બાળકથી શરારત થઈ જાય.

એ જ કારણથી લખું છું ગઝલો;
મારી ભાષાની હિફાજત થઈ જાય.

12)

તમે ઈચ્છો જ છો ને કે કલમમાં જીવ આવે,
દુઆ કરજો ઉદાસી ટેસ્ટ પોઝીટિવ આવે.

પ્રભુ માને, તો મારી સ્વર્ગની તો ના જ છે યાર,
કરું છું ટ્રાય કે પૉસ્ટીંગમાં નેટિવ આવે.

અહીં દરરોજ કેલેન્ડરને ઉથલાવ્યા કરું છું,
મને આકાશ જોવા માટે ક્યારે લીવ આવે?

અમારા સુખ ને દુ:ખ સાથે નિહાળો છો શી રીતે?
તમારી આંખનાં શું લેન્સ પ્રોગ્રેસિવ આવે?

ખુશીનાં માલની ડીલીવરીમાં થાય ક્યારેક,
તમારો પીસ ઊપરથી જ ડિફેક્ટિવ આવે.

13)

મારી આ દિવાલોથી મને પાર કરી દે,
બારીથી મને એક વખત દ્વાર કરી દે.

ઝાકળ ન ઉડે સૂર્ય અહીં એમ ઉગી જા,
તું ફૂલ પર એટલો ઉપકાર કરી દે.

તું પાસ રહે એ જ ગનીમત છે અહીં દોસ્ત,
હું ક્યાં કહું છું વાતનો સ્વીકાર કરી દે ?

દીવાને અમે ટોડલેથી ભીતરે લાવ્યા,
તારથી હવે થાય તો અંધાર કરી દે.

શ્રદ્ધા હવે શંકાની તરફ જાય છે ઈશ્વર,
તારા વિશે તું વાત વિગતવાર કરી દે.

14)

કદાચ કાલે તમારે માથે, પડે જગતને ઉઠાડવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.
ધરાથી લઇ ને ગગન સુધીનું, તમારે અંધારું ખાળવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

કળી કળી ને ફૂલો બનાવી, સુગંધ એમાં પછી ઉમેરી, અને તમારે ઉપરથી અહીંયા,
બધાં જ પંખીની ચાંચ માટે, કશુંક ચણવા ઉગાડવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

સૂરજ સમયસર ઉગાડવાનો, અને સમયસર ડૂબાડવાનો, નહીં કરો તો નહીં જ ચાલે,
અને બીજું કે તમારે સાંજે, ગગનને રંગોથી રંગવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

દરેક બાળકનાં સ્મિતમાં જઇ, દરેક માતાની આંખમાં રહી, તમારે હાજર થવું જ પડશે,
પછી તમારે બધાંની અંદર, વહાલ થઇ ને રહી જવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

પ્રથમ તમારે હવા ને અહીંયા, બનાવવાની છે શ્વાસ સૌ નો, પછીથી શ્રધ્ધા જીવાડવાની,
તમે જ બોલો થશે બધું આ, નહીં તો છોડો પ્રભુ થવાનું, પ્રભુ તો લાંબી રજા ઉપર છે.

ગૌરાંગ ઠાકર – સુરત – ૯૮૨૫૭ ૯૯૮૪૭

# આ મારો ચહેરો

મારી ઓળખ છે આ મારો ચહેરો
કેવો માસૂમ   છે આ મારો ચહેરો

એ ભ્રમ છે કે છૂપા રૂસ્તમ જેવો
ભારે ખંધો   છે આ મારો ચહેરો

કોઈ રાજ નહીં પણ સમયના ઘા
છૂપાવી રહ્યો છે આ મારો ચહેરો

ખાલી અમસ્તો જ હસતો નથી એ
દરિયો પી ગયો છે આ મારો ચહેરો

તું  ભલે  સિફતથી ભૂલી ગઈ એને
તને ગમતો હતો  આ મારો ચહેરો

જરા હસીને કાચમાં જોવા કહેતા
આંસુથી ધોવાયો આ મારો ચહેરો

હવે એને શોધતો નથી હુ કયારેય
તારામાં ખોવાયો આ મારો ચહેરો

અમૃત વડિયા – સુરત - ૯૮૨૫૮ ૫૯૫૯૧

# વચ્ચે રહી ગયા

જીત ને હાર વચ્ચે રહી ગયા,
જાણે ને ધાર વચ્ચે રહી ગયા,

વેદનાને કાયમ દબાવી રાખીને
હાસ્યના ભાર વચ્ચે રહી ગયા,

તારા વાયદાની મોસમને માણવા
સાંજ ને સવાર વચ્ચે રહી ગયા,

અમે જાણે મુંબઈની પ્રજા બનીને
દોડધામ ના તાર વચ્ચે રહી ગયા,

જીવનભર વિષના પ્યાલા ભરીને
મીરાં  ને મોરાર વચ્ચે રહી ગયા,

ભરત ગોસ્વામી ‘ભાવુક’ - અંજાર કચ્છ – 99259 76986

# ગઝલ

માછલીની આંખમાંથી આંસુ છાનું સર્યું
ઝંખનાનું મોતી જોને તળિયે જઈને ઠર્યું

વેદનાની શૂળ વાગી છે પ્રણયમાં જરી
જિંદગીને પ્રીતે આપ્યું દર્દ ગમતું કર્યું

આહની સંવેદનાને,ભાર છે અશ્કનો
આંખના ખૂણે એ ઝાકળ બિંદુ થઈને તર્યું

દિલ જરા નાદાન મારું ના ખમે પાનખર
લાગણીની વેલ પરથી પાન સૂકું ખર્યું

અબ ઘડીનો શ્વાસ લઈને મૃત્યુ જોને હવે
જિંદગીને ચાહવા એક પળ તે પાછુ ફર્યું

ગાલગાગા ગાલગાગા ગાલગાગા લગા

જીગીષા દેસાઈ – સુરત – ૯૯૨૫૫ ૫૫૨૦૫

# ભીતર છે ધિંગાણા

છે ભીતર ને બહાર પણ છે ધિંગાણા ધિંગાણા.
ના કશા ય વાદના, તોય ધિંગાણા ધિંગાણા !

ઉત્તરમુખી એ ઉભો, તું દક્ષિણ બાજુ ખેંચે,
પુંછ્ડું એ હનુમાનનું,તું ભીમ બની ગ્યો ; કહેજે !
કહેજે ,કહેજે ,કહેજે, તારો અહમ મુકીને કહેજે,
આ પાંડવના મનખામાં છુપાયેલા ધિંગાણા...(૧)
છે ભીતર ને........

અજવાળાના લૈ અભરખા રાત પડખે સુવે,
જગ આખાના રંગો જોઇ મેઘધનુ શુ રુએ ?
રુએ ,રુએ ,રુએ, તારો આતમ રોજ રુએ,
હરણાંને કસ્તુરીના થાય રોજ ઉભા ધિંગાણા...(૨)
છે ભીતર ને....

કોરા  ઝરણો, કોરા સાગર, કોરા વાદળ, શું છે ?
કોરું ઝાકળ, કોરી નદીયું, કોરી આંખો જોશે ?
જોશે ,જોશે, જોશે ,એ જંગ અનોખો જોશે,
ભીની આરત-કોરુ જીવતર કેમ ખેલે ધિંગાણા...(3)
છે ભીતર ને...

છે ભીતર ને બહાર પણ છે ધિંગાણા ધિંગાણા.
ના કશા ય વાદના તોય ધિંગાણા ધિંગાણા.

કુસુમ પટેલ – મુંબઈ – 99870 91859

# ગઝલ

કલમને ધાર બહુ કાઢી; નવા નિશાળિયા છઇએ,
લિસોટે લાગણી તાણી, નવા નિશાળિયા છઇએ.

નથી કક્કો અમે શીખ્યાં; નથી બારાક્ષરી ઘૂંટી,
લખી નાખી હ્રદયવાણી, નવા નિશાળિયા છઇએ.

ખબર ક્યાં છે રદીફોની? ગતાગમ કાફિયાની ક્યાં?
ગઝલને લય થકી ઢાળી, નવા નિશાળિયા છઇએ.

અઢારે અંગ વાકાં એ મરોડે હોઠ વાંચીને,
પછી રોમન લખી નાખી, નવા નિશાળિયા છઇએ.

કરી ના પ્રાર્થના સ્તુતિ; ના વાંચી વેદવાણી પણ,
કરુ વંદન મળે ઝાંખી, નવા નિશાળિયા છઇએ.

મથામણ તો કરી છે શબ્દસંજ્ઞા પામવા તો યે,
નિખાલસતા ફકત રાખી, નવા નિશાળિયા છઇએ.

થશે ભૂલો ઘણી આ જિંદગી તો છે ગઝલ જેવી,
મઠારો સ્હેજ ઠપકારી, નવા નિશાળિયા છઇએ.

(લગાગાગા×4)

પાયલ ઉનડકટ – રાજકોટ – 94087 75041

# બધી યાદ તારી ઉજાણી કરે છે

પ્રવેશીને ગુપચુપ, બે પાંપણમાં મારી, સજાવીને સપનાનું ઘર એક નાનું,
ઝરૂખાને દિપકથી રોશન કરીને, બધી યાદ તારી ઉજાણી કરે છે.

નથી કોઇ સાથી, નથી કોઇ સંગી, સમજશે અહીં કોણ મારી વ્યથાને?
ડસીને જુદાઇનો જાલીમ ફણીધર, બધી રાત મારી, અકારી કરે છે.

પધારે છે સૂરજ, વિખેરીને ધુમ્મસ, ને સ્વાગતમાં ઝાકળનાં ફૂલો છે હાજર,
દિશાઓ ગજાવીને ટહૂકાની ટોળી, બગીચાની દુનિયા નિરાળી કરે છે.

છે મંદીનો માહોલ દિલના બજારે, નથી લાગણીઓનો લેવાલ કોઇ,
ફગાવી ઉદાસી, ને થોડા નફાથી, ઉમળકો  ખુશીની કમાણી કરે છે.

છંદ: લગાગા, લગાગા, લગાગા, લગાગા - 8

**પ્રભાકર  ધોળકિયા – સુરત – 99259 37356**

# આવજો

એક જૂની વાત લઈને આવજો,
પ્યાર ની સોગાત લઈને આવજો.

આપણે તો બેય પરણ્યાં સ્વપ્ન માં
બસ કુંવારી રાત લઈને આવજો

લાગણીની ધાર છે તલવાર સમ,
તો પછી ની ઘાત લઈને આવજો

ને અરીસે આંખ મીચીને કીધું,
જાવ અદ્દલ જાત લઈને  આવજો

ચાર આંખે રંગ ભરશું વાલમા
એક નોખી ભાત લઈને આવજો.

છંદ: ગાલગાગા, ગાલગાગા, ગાલગા

મીના વ્યાસ – વડોદરા - 99980 05041

# ગઝલ

હવે વાત એ ક્યાં રહી છે અજાણી,
હું ચંપો છું ને, છો તમે રાતરાણી.

બચાવી શકે ના ખુદા પણ હવે તો,
પ્રણય પૂરમાં એ મને જાય તાણી.

હવે પ્રશ્ન ના પ્રેમમાં હારવાનો,
હું એને ગમું છું, તમે પણ લ્યો જાણી.

તમે જે કહી'તી મને વારતાઓ
તે સઘળી છાપામાં જો આજે છપાણી.

સજાવી મહેફિલ સિતારાની કોણે?
ગગનમાં કરે કોણ? શાની ઉજાણી?

જો ને સાવ સુકકો હું સહારા સમો છું
થા વાદળ અષાઢી, વરસ થઈને પાણી.

અમે દોસ્ત લોહીનું પાણી કર્યું છે
પછી જ મળી છે ગઝલ નામે રાણી.

'શરદ'ની ગઝલને વિષય પણ તમે છો
તમારા જ જાપો જપે છે આ વાણી.

શરદ ત્રિવેદી – પાલનપુર – 99042 31900 / 75729 21900

## ગઝલ

એમ શ્રદ્ધા ડગમગે તો જાણીએ,
કેન્દ્ર પૃથ્વીનું ખસે તો જાણીએ;

રંગભીની  આંખમાં પીંછી હતી,
તું એ લઈને ચિતરે તો જાણીએ;

વાંસળી અળગી અધરથી ના કરી,
ચક્ર હાથોમાં ધરે તો જાણીએ;

આયના  જેવાં  પરસ્પર  આપણે,
ખ્યાલ એવો વિસ્તરે તો જાણીએ;

સાવ ટચલી આંગળી હો હાથની,
તોય ગોવર્ધન ધરે તો જાણીએ;

શીખી લઈએ આખી દુનિયાને,છતાં
તું જ કેવળ  આવડે  તો  જાણીએ.

**સ્વાતિ સુચક શાહ - મનિપાલ, કર્ણાટક – 93417 10882**

# પ્રીતનો સુંદર કળશ

જ્યાં હૃદયમાં પ્રીતનો સુંદર કળશ છલકાય છે,
ક્યાંક ભીનાં સ્પંદનો  આવી નયન ઉભરાય  છે.

લાગણીની પાંખ પર  બેસી સફર માંડી હતી,
વ્હાલનાં વાદળ હવે દિલમાં જ ગોરંભાય છે.

મ્હેકવું હર ફૂલનું  તો એક ઘટના માત્ર છે,
પણ ભ્રમરનું દિલ જુઓ કુરબાન કેવું થાય છે.

શ્વાસ પણ જાણે સુગંધીદાર છે, શું વાત છે!
સ્વપ્નમાં અત્તરની શીશી ક્યાંક તો ઢોળાય છે!!

રાતભર એ ઓસરીમાં ઓસને પીધો હતો,
ને પ્રણયની ચૂંદડી પર ભોર ઉગતી જાય છે.

ઝાંઝવા પણ સૂર્યનો તડકો ગળી હસતાં  રહ્યાં,
ક્યાંક કંઈ સંદેહ જેવું  'નેહ'ને  વર્તાય  છે.

(ગાલગાગા×3...ગાલગા-1)

વંદના બ્રહ્મભટ્ટ 'નેહ' – ભરૂચ – 94273 37738

# ગઝલ

છાંયો જરા ઓછો થયો ને કોઈ કૈં કહેતું નથી,
ટહુકામાં પણ ગોબો થયો ને કોઈ કૈં કહેતું નથી.

સપનાસભર આંખોમાં એ તેજાબ છાંટી જાય છે,
મુદ્દો એ ચર્ચાનો થયો ને કોઈ કૈં કહેતું નથી.

ચારે દિશામાં શોધ પાણીની હતી,પણ ના મળ્યું,
માણસ પછી કૂવો થયો ને કોઈ કૈં કહેતું નથી.

અંટસ પડી પડછાયા વચ્ચે ત્યારથી સૌ ઉગ્ર છે,
આ શહેરમાં તણખો થયો નેN કોઈ કૈં કહેતું નથી.

ઊડી રહ્યાં છે ચીંથરા ભરચક બજારે મૌનના,
ત્યાં વાણીનો મુજરો થયો ને કોઈ કૈં કહેતું નથી.

ધ્વનિલ પારેખ – સુરત – ૯૪૨૬૨ ૮૬૨૬૧

# તારું નામ

તું કહે ત્યાં હું તારું નામ લખી શકું
હવા પર, પથ્થર પર, દરિયાના મોજા પર,
નળમાંથી ટપકતાં પાણીની બૂંદ પર,
ઉગતા ફૂલો પર, વાદળો પર, વરસતા વરસાદ પર,
તાજા ઉગેલા ઘાસ પર,
બરફ પર, પર્વત પર,
મેઘધનુષનાં પ્રત્યેક રંગ પર,
વહેલી સવારની ચાના કપ પર...

પણ
હું તારું નામ
ન તો હથેળી પર લખીશ
ન તો ધબકારા પર...
ન તો સપનાંઓ પર ચીતરીશ
કે ન તો લોહીમાં...

અધરાં કામો કરવાની ફાવટ નથી રહી હવે...!!!

એષા દાદાવાલા - સુરત - ૯૦૯૯૦ ૪૮૮૮૨

# ગઝલ

શબ્દ કેવળ નથી,ખુમારી છે

જાત કાગળ ઉપર ઉતારી છે

વેદનાને મે માત્ર ધારી છે

રાત તારા વિના વિચારી છે

જે હતી શંકા એ નિવારી છે

આંખ પેહલા નજર સુધારી છે

તૃપ્તી મનમાં કદી કદી ઝબકી,

ઝંખના દિલમાં એકધારી છે

પોતપોતાની રીતે સૌ માંગે

જાત માણસની તો ભિખારી છે

હોય હિમ્મત તો બળવો કર 'આસિર'

બાકી સંજોગે સૌ પુજારી છે

**આસિફખાન આસિર – સુરત - 77788 65537**

## ૐ ગં ગઝલાય નમઃ

રંગ આંખોમાં ભરી એક વખત આવ ઉપર,
સૌ સિતારાની પછી આબરૂ જો દાવ ઉપર,

તું ભલે આજ હસે મારા આ પ્રસ્તાવ ઉપર,
ત્યારે પસ્તાશે કદી ધ્યાન જશે ભાવ ઉપર.

નાખુદા જાય ભલે નાનકી એક નાવ ઉપર,
પણ ભરોસો પૂરો એને રહે દરિયાવ ઉપર.

તું મળે ને ન ઝૂકે આંખ જો જોનારાની,
તો પછી ગર્વ થશે નહીં તને દેખાવ ઉપર.

સાચું કોઈએ ન કહ્યું તોય બધા જાણી ગયા,
એટલી ચર્ચા થઈ મારા ગહન ઘાવ ઉપર.

કેમ આગળ નદી વધશે ને પછી કયાં જાશે,
એનો આધાર પૂરેપૂરો છે ઢોળાવ ઉપર.

એ તો વાદળ વળી વારેઘડી વચમાં આવે,
ને મને શંકા પડે ચંદ્રના વર્તાવ ઉપર.

**મંથન ડીસાકર – સુરત – 98795 75135**

# ભીનો સાદ

તું આવ કે પાડી રહ્યો તને ભીનો ભીનો સાદ,
ગોરંભાયુ છે આકાશ ને પછી ધોધમાર વરસાદ.

આમ તો ઘેરો હતો, ન મળી શકયાનો અવસાદ,
ને પછી વીજળીનાં ચમકારે મળી ગયો પ્રતિસાદ.

આશા ઉરે ઊગી નીકળી થઇને રહેશે મુલાકાત,
મળ્યા, ન મળી શક્યાનો પછી દૂર થશે અવસાદ.

ખળખળ વહેતા ઝરણાં જેવો ઝંખું હું સંગાથ,
પણ મધદરિયે ડોલતી નાવ જેવો આપણો ઉન્માદ.

ચંદ્ર આમ તો ઉજાગરે નિભાવે છે નિશાનો સાથ,
ને નિશા તો ચાલી નીકળી જ્યાં પૂરો થયો સંવાદ

મયંક ત્રિવેદી – સુરત – ૯૯૭૯૮ ૬૫૭૩૯


राष्ट्रीय कला केन्द्र
ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ
તા. ૨૫-૦૯-૨૦૨૦ સમય રાત્રે ૯ કલાકે
પ્રમુખ ડૉ. મુકુલભાઈ ચોકસી
કવિગણ
દેવીબેન વ્યાસ - સુરેન્દ્રનગર | દીપક સોલંકી - આણંદ
હિતેશ પટેલ - બારડોલી | ઈશ્વર પટેલ - થાવર, ધાનેરા
મેહુલ ઓઝા - જામનગર | સંદીપ ચેવલિયા - પાટણ
ડૉ. સેજલ દેસાઈ - સુરત | શિલ્પા શેઠ - મુંબઈ
વર્ષા પ્રજાપતિ - પાલનપુર | વિજય સેલારકા - ધોરાજી
અશોકભાઈ જાની - વડોદરા | વિવેક ટેલર - સુરત
મેહુલ પટેલ - સુરત | મયુર કોલડીયા - સુરત
દિલીપ ઘાસવાળા - સુરત

# ડૉ. મુકુલ ચોક્સીના કાવ્યો

લોકો તો કંઈ કંઈ તમાશાઓ નવા કરશે સજનવા,
ચાહવા કરશે નહીં, ને વાહવા કરશે સજનવા.

વર્ચ્યુઅલ વરસાદનો ઉન્માદી સાદ આવે સજનવા
ને મને બિચ્ચારો કાલીદાસ યાદ આવે સજનવા

ક્યાં તો પીઝાના મિનારાને હવે પાડો સજનવા
નહીં તો મારી  જેમ એને ઢળતા શીખવાડો સજનવા

જાણી લે કે આખું વાસ્તુશાસ્ત્ર છે ખોટુ સજનવા
વાસ જેમાં તું કરે, એ વસ્તુ સાચું સજનવા

ત્યાં ભલે અંધાર આદીમતાને ઘૂંટે છે સજનવા
ત્યાં ભલે કામુકતા પથ્થરમાં ફૂટે સજનવા
પણ તમે એમાં ઊમેરો છો જે કંઈ ભાવુકતા
એ ખજૂરાહોના શિલ્પોમાં ય ખૂટે છે સજનવા

દૂરથી જોનારને એ કોણ સમજાવે સજનવા
કે નિકટ આવ્યા વિના અમને નહીં ફાવે સજનવા
મધને જો ચાખી જુઓ ને ! તો જ એ ભાવે સજનવા
મધપૂડાને જોવાની થોડી મજા આવે સજનવા !

યાદ રહે છે પહેલી ને છેલ્લી મુલાકાતો સજનવા
પણ જીવનને જાળવે છે વચ્ચેની વાતો સજનવા

તું સફળતાના ઊંચા શિખરો ન શોધ્યા કર સજનવા
એ સફળતામાં ખૂપીં ગયેલી ખીણોથી ડર સજનવા

આપની બાજુથી ક્યાં એક્કેય એક્શન છે સજનવા?
એ જ તો સૌથી વધુ સીરીયસ રીજેકશન છે સજનવા

છોડી શકશું જો તમાશા, તાયફા, તરકટ સજનવા
વટથી ઉપરવટ જવામાં આવશે ફાવટ સજનવા

એ કહે "આ ઊંમરે ચાહો તો નહીં શોભો સજનવા "
મેં કહ્યું કંઈ વાંધો નહીં, બે દાયકા થોભો સજનવા

જાત પેહેલેથી જ આવી સાદી સીધી છે સજનવા
દારૂની મહેફીલમાં બેસી પેપ્સી પીધી છે સજનવા

ડૉ. મુકુલ ચોકસી – સુરત

તમારા રૂપની રેલાય છે મોસમ, તમારા સમ ,
જગત આખામાં ફેલાય જશે ફોરમ, તમારા સમ.

તમે જો હોવ તો વાતાવરણ કેવું સરસ લાગે,
અરીઠા લાગે છે આસવ ને ચાહ કોફી ચરસ લાગે,

તમે જો ઝળહળો તો કાળી રાતે પણ દિવસ લાગે,
તમારી સામે પરીઓ અપ્સરાઓ પણ નીરસ લાગે.

તમે પીવડાવો તો પંચામૃતો પણ પ્રેમરસ લાગે,
નહીંતર વિશ્વની સઘળી સુરા લીમડાનો રસ લાગે.

તમોને જોઈ ને પાણીને પોતાને તરસ લાગે,
તમારી સાથમાં વીતેલા એકએક પણ વરસ લાગે.

અને તો પણ જીવન આંખુ પડે છે કમ, તમારા સમ ,
તમારા રૂપની રેલાય છે મોસમ, તમારા સમ.

કહો તો વાણીના પોલાણમાં એ ઘર બનવું, બસ?
કહો તો તમને ત્યાં આંખી ય દુનિયાથી છુપાવું, બસ?

કહો તો રૂઠતા પહેલા જ હું તમને માનવું બસ?
કહો તો લાડ તમને બાળકો જેવા લડાવું, બસ?

કહો જો આપ તો ક્યારેય ના તમને સતાવું - બસ?
હું મારા ગીત ગઝલોમાં કદી તમને ન લાવું - બસ?

જીવનમાં આવવાની  વાત તો ભૂલી જ જઈશું, પણ
કહો તો હું કદી ના આપના સપનામાં આવું - બસ?

કહો તો ખાઉં ના ક્યારેય તમારા સમ, તમારા સમ,
તમારા રૂપની રેલાય છે મોસમ, તમારા સમ .

પ્રણય પર કોઈનો અધિકાર નથી એ વાત સમજી જાય
સફેદી શબ્દની આરસથી આગળ ખૂબ નીકળી જાય
તમારા વર્ણનો જો સ્વર્ગમાં બેસીને વાંચી જાય
તો એ મુમતાઝને  પણ બે ઘડી માટે તો ભૂલી જાય
ચમકતા તાજમહેલ સામે આ કવિતા મહેલ ને જોઈ
બિચારો શાહજહાં પણ એકવાર ઈર્ષાથી સળગી જાય
ફરીથી અવતર્યાનો થાય એને ભ્રમ, તમારા સમ

તમે બેસો તો સઘળો થાક ઉતરી જાય રસ્તાનો,
તમે ચાલો તો ચાલે કારભાર આ વિશ્વ આખાનો.

તમે બોલો તો ઘૂંટાતો રહે અહેસાસ મીરાંનો,
તમે ચૂપ હોવ તો ચહેરો બને છે મોનાલીસાનો.

તમે સ્પર્શો તો સાથે થાય અનુભવ ટાઢ તડકાનો,
તમે વરસો તો ઝાંખો લાગે છે વૈભવ આ વર્ષાનો.

તમે શરમાવ તો મેળો બની જાયે છે મેદાનો,
તમે હરખાવ તો થતાં નગરમાં બંધ તોફાનો.

તમારા શબ્દ સામે ઝાંખા લાગે સર્વ સન્માનો,
તમારા મૌન સામે ચૂપ થઇ જાયે છે વિદ્વાનો.

તમોને પામવા માટે ભજે છે તમને ઇન્સાનો,
તમારી પર મહેરબા છે જગત આખાના ભગવાનો.

તમે ના હોત તો ના અર્થ રહેતે કોઈ ઘટનાનો,
તમે ના હોત તો નકશો અલગ હોતે આ દુનિયાનો.

અને આથી જ જળવાતો નથી સંયમ, તમારા સમ,
તમારા રૂપની રેલાય છે મોસમ, તમારા સમ .

તમે ચાહો તો ઘડિયાળો સમય સાથે થીજી જાશે,
તમે ચાહો તો કેલેન્ડર ને પંચાંગો માટી જાશે.

તમે ચાહો તો કવિઓ ચંદ્ર તારાને ભૂલી જાશે,
તમે ચાહો તો વૈજ્ઞાનિકો ગીતો ગાતા થઇ જાશે.

તમે ચાહો તો બ્રહ્માંડો ય રજકણ થઇ ઊડી જાશે,
તમે ચાહો તો દરિયાઓય ટીપામાં ડૂબી જાશે.

તમે ચાહો તો સાધુ સંત સંસારી બની જાશે ,
તમે ચાહો તો પૈસાદાર દેવામાં ડૂબી જાશે.

તમે ચાહો તો તલવારો ય સલવારો બની જાશે,
તમે ચાહો તો બંદૂકો ય સંદૂકો બની જાશે.

તમે ચાહો તો ચીનાઓ ય શત્રુતા ભૂલી જાશે,
તમે ચાહો તો પાકિસ્તાનીઓ મિત્રો બની જાશે.

તમે કહો તો ઘરે પાછા ફરે ગૌતમ, તમારા સમ
તમારા રૂપની રેલાય છે મોસમ, તમારા સમ .

ડૉ. મુકુલ ચોકસી - સુરત - ૯૮૨૫૧ ૪૨૪૦૬

# છાયો

જીવન છે તડકો ને છાયો.
સુખ દુ:ખ કર્મોનો પડછાયો.

મહેનતથી મળતું એ સાચું,
શાને થાતો તું રઘવાયો?

સાવધ રહેજે માયા જાળે,
શ્વાસોના સંચે પીસાયો.

સ્વાર્થી ભાવો માયા સમ છે
એમાં શાને તું અટવાયો?

જેવું કરશે તેવું ભરશે,
સમજી લે થઇ તું ડાહ્યો.

પાછળ ઘા કરનારા કરશે
કર્મો કરતાં કાં ભરમાયો?

ફળ આવે ડાળી તો નમતી
છાયો દેતા કાં શરમાયો?

૪૩ા

દેવીબેન વ્યાસ 'વસુધા' – સુરેન્દ્રનગર – 99794 75137

## તો ખરા

પ્રાણ પથ્થરમાં જરા પૂરી બતાવો તો ખરા.
શ્વાસ મડદામાં ફરી ફૂંકી બતાવો તો ખરા.

ચાંદ તારા તોડવાની વાત કરતા પ્રેમીઓ,
ચંદ્ર પર ડગ એક જો મૂકી બતાવો તો ખરા.

કોઈ ના મુખ પર ભલેને સ્મિત ના લાવી શકો,
આંસુઓ દુઃખના અગર લૂછી બતાવો તો ખરા.

સો વરસ જીવી શકો છો આમ તો બિન્ધાસ્ત પણ,
મોતની રેખા તમે ભૂંસી બતાવો તો ખરા.

એમ કઈ વિદ્વાન કે પંડિત થવું સહેલું નથી,
એકડો જો જ્ઞાનનો ઘૂંટી બતાવો તો ખરા.

છોડ માટીમાં ઉછેર્યો શું કરી એમાં નવાઈ?
પત્થરો પર વૃક્ષ થઈ ફૂટી બતાવો તો ખરા.

ટોચ પર તો કોઈ પણ પહોંચી જશે આરામથી,
હા, શિખર પર જઈ જરા ઝૂકી બતાવો તો ખરા.

કોઈની પણ તો નકલ સહેલાઈથી કરશો તમે,
જ્ઞાન ને કિસ્મત અગર લૂંટી બતાવો તો ખરા.

છંદ તમને શીખવી શકશે કદાચિત કોઈપણ,
શેરીયતને લાવવા ખૂંપી બતાવો તો ખરા.

એકમત સભ્યો કદી કુટુંબના હોતા નથી.
સુઘરીની જેમ ઘર ગુંથી બતાવો તો ખરા.

જ્ઞાન ભક્તિ કર્મનો સંયોગ સાધીને પછી,
લખ ચોરાશી જન્મથી છૂટી બતાવો તો ખરા.

દોષ તો એકાદ માનવ માત્રમાં રહેશે સહજ,
'દીપ'ને સામે ધરી ખૂબી બતાવો તો ખરા.

છંદ રમલ= (ગાલગાગા)3 ગાલગા

દીપકસિંહ સોલંકી 'દીપ' – આણંદ – 63539 28478

# લાગણીનું ફૂલ છું

સાચવીલે લાગણીનું ફૂલ છું
બાગ તારો ખીલતી તું ફૂલ છું

સંગમાં તો રંગ આવે ઝગમગે
વાળમાંતો નાખતી શું ફૂલ છું

પૂરતી છે યાદ ખાતિર પ્રેમમાં
ખીલવીજા માંગણીનું ફૂલ છું

દાટ ખાવી ચોટ પણ તો ભોગવું
છે સુગંધી શોભવાનું ફૂલ છું

મેળ જામે સોચ શાની બેફિકર
જોઈલે ને જિંદગીનું ફૂલ છું

હિતેશ આર. પટેલ 'સાવન' - બારડોલી – 94087 49775

# ગઝલ

ગામ, ગલીમાં ચર્ચાયો છું,
કોઈને ક્યાં સમજાયો છું!

કાશ! મને પણ સમજણ આવે,
શાના માટે  સર્જાયો છું?

રંગો ઊડ્યાં ને ખુશ્બૂ પણ,
તડકામાં ક્યાં કરમાયો છું!

દાઢ ડહાપણની આવી ગઈ,
નાદાનીમાં  લજવાયો  છું!

કોઈ મને કંજૂસ છો માને,
દોસ્તો  માટે  ખર્ચાયો છું!

મનમાં જે આવે ટાંકી લઉં,
હું ક્યાં વચને બંધાયો છું?

મર્યાદાનો હું  છું માણસ,
બસ નજરોથી લૂંટાયો છું.

ઈશ્વર ચૌધરી 'ઉડાન' – - થાવર, ધાનેરા (બ. કાં.) – 99243 81765

# ક્યાં છે?

આંખોના પલકારા સમજે, એવા બોલો સૈયા ક્યાં છે?
એકી સાથે બંને ધડકે, એવા બોલો હૈયા ક્યાં છે?

હું ખેંચું છું જમણે પડખે તું ખેંચે છે ડાબે પડખે !
અવરોધોને ભેટી તરતી, એવી બોલો નૈયા ક્યાં છે?

જાગી જાગીને થાકી છે, નીંદરડી તું કાં ભાગી છે,
એકી શ્વાસે પોઢી જાયે, એવી બોલો શૈયા ક્યાં છે?

વાતોને વળગી ના રે'તા, જે થાશે ઈ થાવા દેતા,
મળતું રહેશે જે મારું છે, એમાં ઠાગા થૈયા ક્યાં છે?

લોલક જેવું જીવન લાગે, કાંટાઓ સૌ ફટફટ ભાગે,
હું કેતો કે થોભી જાને, અટકે એવા પૈયા ક્યાં છે?

મેહુલ ઓઝા - જામનગર – 76000 16105

# વરસાદમાં

યાદ આવ્યા એ મને વરસાદમાં,
ખુબ ભીજાયો પછી વરસાદમાં.

રાતભર જાગી કશું બોલી નહીં,
સ્વપ્ન ઈચ્છાઓ બધી વરસાદમાં.

જેટલુ બોલુ બધુ તારા વિશે,
એટલો રિમઝિમ બન્યો વરસાદમા.

છે ચહેરો એમનો ગુલાબ સમ,
હું ય ગુલાબી થયો વરસાદમાં.

એકતારે સાંધવુ છે ભજન,
વીજળીની જયોત છે વરસાદમાં

હોય કે ના હોય સાથે "સૂર્યદીપ",
યાદ તારી આવતી વરસાદમાં.

ચવેલીયા સંદિપ પી 'સૂર્યદીપ' – પાટણ – **97279 08346**

# બીજું કશું

જૂની પ્રથા તોડી , હવે તો આવશે બીજું કશું,
આ યુધ્ધ તારું છે , અહીં ના ચાલશે બીજું કશું.

ત્યાં હૂંફ સાચી લાગણીની તું સમય પર આપજે,
આ માનવીને માનવી શું આપશે બીજું કશું ?

તારી જ માફક સ્વપ્ન પણ છોડી ગયા છે એટલે,
આ સાવ કોરી આંખમાં શું આવશે બીજું કશું?

છન છન કરીને ચાલતી તો ગૂંજતું આખુંય ઘર,
એનાં વિના આ આંગણાંમાં જામશે બીજું કશું ?

આવી મહામારી, હવે આ  જીંદગીમાં શું ખપે ?
બસ માસ્ક સીવા કૈ મને ના ફાવશે બીજું કશું.

ગાગાલગા *૪

**ડૉ. સેજલ દેસાઈ – સુરત - 94267 76673**

# મને અવસર મળ્યો

રોજ જીવવાનો મને અવસર મળ્યો.
રોજ ખીલવાનો મને અવસર મળ્યો.

કેદ તૃષ્ણા પીંજરામાં નાં રહી,
આભ ઉડવાનો મને અવસર મળ્યો.

વાદળો વરસી પડ્યા ધરતી ઉપર,
બુંદ ઝીલવાનો મને અવસર મળ્યો.

ઝંખના જેની હૃદયમાં છે સતત,
એ જ પામ્યાનો મને અવસર મળ્યો.

લગ્ન જન્મોજન્મનું બંધન બન્યું,
માંગ પૂરવાનો મને અવસર મળ્યો.

એક પણ ઈચ્છા પૂરી થાતી નથી,
રોજ ઝુરવાનો મને અવસર મળ્યો.

જો પ્રભુ ભીતર બિરાજ્યા એટલે,
"શિલ્પ" પૂજવાનો મને અવસર મળ્યો.

છંદ રમલ : ગાલગાગા ગાલગાગા ગાલગા

શિલ્પા શેઠ 'શિલ્પ' - મુંબઈ  - 98218 94654

# પરવાનગી

અમથી પ્રણયના ધામમાં શું માંગશો પરવાનગી ?
વસવા હૃદયમાં એમના શું ચાખશો પરવાનગી ?

આ જીવની ઈચ્છા મુજબનાં કામ કરવા ના મળ્યાં,
તો છોડવાને આ જગત શું પામશો પરવાનગી ?

લેવા પદરના રૂપિયા મંજૂરી માટે કરગરે,
એના કફન ને લાશમાં શું બાળશો પરવાનગી ?

ચારે તરફ નાખું નજર ત્યાં એ મને દેખાય છે,
જોવા અસર એ રૂપની શું લાવશો પરવાનગી ?

આ કાફિયાનો ચાંદ છે મારી ગઝલના આભમાં,
ઉડવા પછી એ આભમાં શું આપશો પરવાનગી ?

આ જ્ઞાનનો દીવો લઈ ઝાંક્યા અમે ભીતર પછી,
હરવા તમસ જીવન કેરું શું રાખશો પરવાનગી ?

જીવન તણા આ બાગનું 'હેલી' જુઓ આ ફૂલ છે,
ફોરમ એની ફેલાવવા શું ચાહશો પરવાનગી?

ડૉ. વર્ષા પ્રજાપતિ 'હેલી' – પાલનપુર – 99090 14393

# પ્રેમની બરછી

પ્રેમની બરછી મને વાગી હતી
ફાંસ જાણે ગળચટ્ટી વાગી હતી.

એટલે તો સોણલાં સોડમ ભર્યા
મેં ખુદાની બંદગી ત્યાગી હતી.

હાથતાળી આપતી તકદીર કને
માછલી ઈચ્છા તણી માગી હતી.

દૂર ચાલ્યા ગ્યા તડપ જગવી અને
પ્યાસ સહરાસમ એની લાગી હતી

બેલગામ અજગર સમી ભીંસ આ
ઈંતજાર તણી અગન જાગી હતી.

ડૉ. વિજય એચ સેલારકા – ધોરાજી – ૯૪૨૮૬ ૯૯૨૬૨

# એક તિખારો

મને જોઈએ છે ફકત એક તિખારો,
જલે તાપણું ભવ ઉજાળે જે મારો.

કરું હું જે નક્કી પૂરું કરવું મારે,
પૂરો થાય મારી ભીતરનો ધખારો.

વિચારો, વિચારો, વિચારો, વિચારો,
નથી મૂકતા કેડો સતત આ વિચારો.

સતત આ વિચારોની અણગમતી હરકત,
અને હું જુઓ એની સામે બિચારો.

અગર ક્યાંક અટકું કે ભૂલો પડું હું,
ચીંધે માર્ગ ત્યારે અચળ એ સિતારો.

હું માથે લઈને ફરું બોજ જાણે,
સતત જીમ્મેદારીનો અદ્રશ્ય ભારો.

મળો પ્રેમથી જો તમે મિત્ર ભાવે,
બની રહેશે કાયમ તો 'આનંદ' તમારો.

**અશોક જાની 'આનંદ' – વડોદરા – 98795 65012**

# ગઝલ

ચચા ગાલિબ સ્મરી જાતે, મરીઝ જો જીવતા હોતે
ગઝલ વાંચી ડરી જાતે, મરીઝ જો જીવતા હોતે

કવિતામાં કવિના કાળમીંઢા  કીમિયા જોઈ,
પરત જન્નત ફરી જાતે, મરીઝ જો જીવતા હોતે

ઘણાના  શે'ર સાંભળતે, ઘણાના ગીત સાંભળતે
પછી  ઈસ્લાહ કરી જાતે, મરીઝ જો જીવતા હોતે

ઘણા ગુજરાતી શાયરની ગઝલ જો વાંચવા લેતે
ન લખવા કરગરી જાતે, મરીઝ જો જીવતા હોતે

કલમખોરોના હાથોથી ગઝલનું ખૂન થઇ જાશે,
ગઝલ આમ જ મરી જાતે? મરીઝ જો જીવતા હોતે

**મેહુલ પટેલ 'ઈશ' – સુરત - 9537611423**

# ગઝલ

મિલકતો ના ફક્ત સ્થાવર નીકળે,
ઈચ્છું કે એમાં કશે ઘર નીકળે.

મોતથી ડરતા રહો ને શક્ય છે,
એ નવા ભવનો સ્વયંવર નીકળે.

આપણે જો ફૂલ જેવા હોઈએ,
આપણામાંથીય અત્તર નીકળે.

પુષ્પને સ્પર્શી પવન નીકળે છે એમ
શબ્દની ગલીએથી શાયર નીકળે.

કોઈને દેખાય પથ્થરમાં પ્રભુ,
કોઈના ભગવાન પથ્થર નીકળે.

એક છેડો એનો મારા દિલમાં છે,
તારા દિલમાંથી જે વાયર નીકળે.

**મયૂર કોલડિયા – સુરત - 99044 61376**

## શહેરમાં..

રાત આખી ખળભળે છે શહેરમાં
એક સપનું ટળવળે છે શહેરમાં

કંઠમાં ટહુકો લઈ આવ્યું કોઈ
- ને બધિર સમજણ મળે છે શહેરમાં

તોય વધતું જાય અંધારું સતત
બત્તી તો લાખો બળે છે શહેરમાં

રોજની પંગત કે સંગત હોય, પણ -
કોઈ અંગત ક્યાં મળે છે શહેરમાં !

કોને ફૂરસદ ભાવ કરવાનીય છે !
શાંતિ લઈ તું નીકળે છે શહેરમાં

એક બસ, રહી ગઈ કમાડોની કમી
ભીંત તો સઘળે સ્થળે છે શહેરમાં

શહેરથી ત્રાસીને ભાગેલા તમામ
અંતે તો પાછા વળે છે શહેરમાં

પંકજ વખારિયા - સુરત – ૯૮૨૪૧ ૪૩૯૫૧

# ખુબ ગમતી વાતથી...

ખૂબ ગમતી વાતથી મન વાળવાનું હોય છે
આપણે તો દોસ્ત આમ જ જીવવા નું હોય છે

આ જગત બસ ચેનથી ઉંઘી શકે એ કારણે,
હા.. અમારે તો અહીંયા જાગવાનું હોય છે

એ જરૂરી તો નથી જે ચાહો એ તમને મળે,
પણ બધા માંગે બધું એ આપવાનું હોય છે

આ જગત ના રીત રિવાજો ગમે કે ના ગમે,
સૌ ને માટે સૌની સાથે ચાલવાનું હોય છે

બોલવાની તક તને મૃત્યુ નહિ આપે 'દિલીપ'
જ્યાં સુધી આ જિંદગી છે, દોડવાનું હોય છે.

દિલીપ વી  ઘાસવાલા – સુરત – 98259 17885



राष्ट्रीय कला केन्द्र
ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ
તા. ૨૬-૦૯-૨૦૨૦ સમય રાત્રે ૯ કલાકે
પ્રમુખ શ્રી હર્ષભાઈ બ્રહ્મભટ્ટ
કવિગણ
દેવર્ષિ વ્યાસ - સુરેન્દ્રનગર | હર્ષ પંડ્યા - ભુજ
હર્ષિદા ત્રિવેદી - રાજકોટ | જીગીશા ચૌધરી - વ્યારા
મનોજ પંચાલ - પાલનપુર | મિલિંદ પારેખ - બારડોલી
નિર્મળ રામોલિયા - જૂનાગઢ | રૂપાલી ચોકસી - સુરત
સુરેશ ઝવેરી - મુંબઈ | સ્વાતિ નાયક - નવસારી
વિપુલ માંગરોલિયા - સુરત | હરીશભાઈ ઠકકર - સુરત
પંકજભાઈ વખારીયા - સુરત | સુષમ પોલ - સુરત
પૂર્ણિમા ભટ્ટ - સુરત

કોઈ કરતાં કોઈથી પણ ક્યાંય અંજાયા વગર
રાખવો વ્યવહાર દુનિયા સાથ ભરમાયા વગર

કૈંક એવા પણ વસે છે આ નગરમાં માણસો
હોય છે જેઓ પલળતા સાવ ભીંજાયા વગર

તોય કાયમ જાય ચૂકી ટ્રેન, તક,અવસર સતત
લોક જે દોડયા કરે છે ક્યાંય રોકાયા વગર

પારખુ સઘળા ઝવેરી છે, ખરી છે વાત પણ
એ જ હીરો છું ગયો સરકી જે પરખાયા વગર

કઈ હદે દિલનાં દુઃખોએ દૂર માણસથી કર્યો
આ ઊભો પૃથ્વી ઉપર હું કોઈ પડછાયા વગર

હર્ષ બ્રહ્મભટ્ટ – અમદાવાદ

જો એને માણસો જેવું સૂઝે તો !
અરીસાને કોઈ ચહેરો ખૂંચે તો !

ટકોરાને તરસશે આંગળીઓ
નજર પડતાં જ દરવાજો ખૂલે તો !

મને છોડી તમે જ્યારે જતા હો
હૃદય મારું છતાંયે ના તૂટે તો !

તો હું સાચું કહું એને કે ખોટું ?
મને તારા વિશે કોઈ પૂછે તો !

ઘણીયે વાર પંખીઓને જોઈ
વિચારે માછલી, દરિયો ઊડે તો !

ભગાડી દઉં છું સન્નાટાને તેથી
આ એકલતા પછી ઈંડાં મૂકે તો !

**હર્ષ બ્રહ્મભટ્ટ – અમદાવાદ**

ગ્રાહકો જેવા વિચારો બંધ છે
કોઈના મનની બજારો બંધ છે !

દ્વાર ખુલ્લાં હોય છે કારણ વગર
એ નજરના આવકારો બંધ છે

કોઈ કૂંપળ ક્યાં ફૂટે, કોને ખબર ?
બાપદાદાનો ઇજારો બંધ છે

કેટલા જન્મોથી એને શોધતો
એક ડબ્બામાં સવારો બંધ છે

શ્વાસની પંગતમાં ખાલી થાળી છે
આપણી બાજુનો વારો બંધ છે

પાર દરિયાને કરી પસ્તાઉં છું
ચારે બાજુથી કિનારો બંધ છે

હર્ષ બ્રહ્મભટ્ટ – અમદાવાદ

કૈંક એ રીતે હૃદયને લાગણી ભારે પડી,
એક દીવાને સ્વયંની રોશની ભારે પડી.

આપનારાને હજારો હાથ છે ભૂલી ગયો,
જેટલી જે કૈં કરી એ માગણી ભારે પડી.

મૌન કેવળ મૌન, ઘૂંટાતું રહ્યું એકાંતમાં,
એ પળે અમથી પડી જ્યાં ટાંકણી ભારે પડી.

તું હતી ત્હારા ઘરે ને હું હતો મ્હારા ઘરે,
જે પળે દુનિયા ઊભી થઈ આપણી ભારે પડી.

વાંસવન પાછું ઊભું કરવું ઘણું અંઘરું હવે,
કટકે કટકે જે બનાવી વાંસળી ભારે પડી.

ચાલવું ને દોડવું ને કૂદવું – સૂના થયા,
એક બાળકથી છૂટી ગઈ આંગળી ભારે પડી.

હર્ષ બ્રહ્મભટ્ટ - અમદાવાદ

હું ચરણ માંડું અને રસ્તો બને
એક ટીપું શક્ય છે દરિયો બને !

ચોતરફ ઘનઘોર આ અંધારમાં
વીજના ઝબકારથી નકશો બને

કોઈ વાદળ તરબતર જોયા પછી
આ ધરા ઉંચકાય ને પહાડો બને !

લાગણીને સ્હેજ ઈર્ષા થઈ શકે
કોઈ નફરત પ્રેમનો કિસ્સો બને !

તું દુઆથી માપ એનું કાઢશે ?
એમ કૈં થોડો ખુદા સસ્તો બને !

જે બધે ઉભો અડીખમ હોય છે
એ જ માણસ ક્યાંક તો ઢગલો બને !

હર્ષ બ્રહ્મભટ્ટ - અમદાવાદ

શ્વેત વસ્ત્રો પરના ડાઘા જેમ જીવાયું હતું
ધ્યાન સૌનું મારી ઉપર એમ ખેંચાયું હતું

તું નહીં કલ્પી શકે ભેંકાર એ રાતો વિશે
કેવું કેવું અમને દેખાયું ને સંભળાયું હતું !

કોણ માને તારું મારું જોઈને કાંઠાપણું
એ તરફથી આ તરફ ક્યારેક પહોંચાયું હતું !

જિંદગીએ તો મને રોક્યો હતો આઘો જતાં
કોણ, કોનાથી ને ક્યારે એમ રોકાયું હતું ?

તે કહ્યું'તું કાનમાં જે ખૂબ ધીરેથી કશુંક
એ બધું મૃત્યુ સુધી મોટેથી પડઘાયું હતું

એક ગઝલ મેં ખાસ મહેફિલમાં કરી જ્યારે રજૂ
કોઈ શરમાયું હતું ને કોઈ ગભરાયું હતું !

હર્ષ બ્રહ્મભટ્ટ – અમદાવાદ – 99784 05035

# નથી કરવી

નયનની કોઇ પણ મારે તરફદારી નથી કરવી...
હવે પાછી કતલની કોઈ તૈયારી નથી કરવી...

બનીને રંગ હોળીનો તમારા ગાલ પર અડકે ,
અમારી આંગળીને સાવ નોધારી નથી કરવી...

મને કામણ કરી'તી, વાળની લટ ગાલ પર ફરતી,
ઘુમાવી આંગળી ખોટી અદાકારી નથી કરવી...

અમારી વાત નો સીધો ને સાદો એક મતલબ છે,
હવે આ લાગણીને સાવ બિચ્ચારી નથી કરવી...

ખુલા રાખો તમે જો દ્વાર તો તો કોઇ પણ લૂંટે,
અહીંયા ચોકિયાતોને વફાદારી નથી કરવી...

અમે તો ખુદ બનાવી છે દિવાલો ચોતરફ દિલની,
પ્રવેશે કોઇ ના અંદર હવે બારી નથી કરવી....

લખી કાગળ ઉપર આખી અમે ઘટના વિરહની એ,
'ક્ષિતિજ' આખી ગઝલ આંસું હવે સારી નથી કરવી...

દેવર્ષિ વ્યાસ 'ક્ષિતિજ' - M.Sc. M. Phil. – સુરેન્દ્રનગર – ૭૮૭૮૩ ૬૦૦૨૫

પ્રેમની દિવાલો, આરપાર ક્યાં છે?
આગવી અદાને, માપનાર ક્યાં છે?

ઠાવકી નજરથી બસ કરે છે ઘાયલ,
ને નયન મળે તો, સારવાર ક્યાં છે?

વ્યાજ ઠીક, મુદ્દલ આપશે તો સારું,
દિલથી એય એવા, શાહુકાર કયા છે?

બોલશો હવે કારણ, ના બોલવાનું,
હોઠ પર તમારા, આવકાર ક્યાં છે?

આંખના ઈશારા, આંખથી ના સમજે,
લાગણી ને કોઈ, ચાહનાર ક્યાં છે?

જો ભર્યું પરાણે, પેટ આખું જળથી,
તૃપ્તિ થાય તેવો, ઓડકાર ક્યાં છે?

ભૂલવા આ ગમને, શોધતો નગરમાં,
જામ વેચતો એ, આબકાર ક્યાં છે?

જોહરી તપાસે, સોનું છે કે ચાંદી,
ઓળખી શકે એ, નામદાર ક્યાં છે?

આ બધું તો લાગે ઠીક, પણ છે નહિ હો!,
"હર્ષ" આ હૃદયના જાણકાર ક્યાં છે?

**હર્ષ પંડ્યા - ભુજ કચ્છ – 96247 74473**

# સાજણ સાજણ બોલાવું હું

રંગ રંગની ભાત લઈને , અજવાળાની જાત લઈને ,
ખીલતું આ પરભાત લઈને, સપના સાથે ગૂંથાવું હૂં ......
સાજણ સાજણ બોલાવું હું......

દલડાં ભીના ફરફર થાતાં, હળવા હળવા ધકધક થાતાં,
પળપળ એના પગરણ થાતાં, મીઠાં રેલે ભીંજાવું  હું...
સાજણ સાજણ બોલાવું હું....

વીજળી જેવું ઝબકી જાતી, નભને દેખી ઉંચી થાતી,
ક્યાંયે હું ન એમ સમાતી, અંધારામાં મલકાવું હું ....
સાજણ સાજણ બોલાવું હું....

કેડ કટારી બાંધી લીધી, અગણિત ઈચ્છાઓને પીધી,
છેડે ઘૂઘરી સાંધી દીધી, તારી પ્રીતમાં પડઘાવું હું ....
સાજણ સાજણ બોલાવું હું....

ધસમસતું આ પુર જો આવ્યું, નદીઓને પણ કાં શરમાવ્યું,
સગપણને એને સમજાવ્યું, તારી પ્રીતમાં છલકાવું હું....
સાજણ સાજણ બોલાવું હું....

હર્ષિદા દીપક ત્રિવેદી – રાજકોટ – 97277 74743

# નહીં કરું

પથ્થર બની છું સાવ હું, ધકધક નહીં કરું,
કર દ્વાર દિલના બંધ તું, ઠકઠક નહીં કરું.

તમને પરાણે ચાહું એ તાસીરમાં નથી,
માફક મને જો હોય ના, માફક નહીં કરું.

ફરતો રહે જો ચાંદ ગગનમાં ગુમાનથી,
મારી નજરને હું પછી ચાતક નહીં કરું.

મેં પાંખ સ્વપ્નને ધરી ઉડવાને મન મુજબ,
છે મુક્ત મારી લાગણી, બંધક નહીં કરું.

અર્પણ કરી હું જાતને પામી લઉં બધું,
*છે લાગણીની વાત તો રકઝક નહીં કરું.*

રમતી નથી હું લાગણીથી કોઈ પણ રમત,
ને વાત પ્રેમની હો' તો ભ્રામક નહીં કરું.

હૈયે હશે જો લાગણી દેખાય આવશે,
હું ઢોલ પીટી ગામમાં નાટક નહીં કરું.

તરહી પંક્તિ - છે લાગણીની વાત તો રકઝક નહીં કરું
છંદ: ગાગાલ ગાલગાલ લગાગાલ ગાલગા.

'કૃષ્ણપ્રિયા' જિગીશા ચૌધરી – વ્યારા – 88668 65554

# જિંદગી

જિંદગીનો થાક વર્તાતો સમય ભણકાર છે,
સ્મિત રમતું પાસ આવે એ સમય રણકાર છે.

પાસ છે એ જિંદગીનાં ચાર દિન ને આશ બહુ,
હર સફરમાં શ્વાસ તારો લાગતો ધબકાર છે

સાત સુર લાગે નિરસ ને શાંત સરવર ધરા,
હાથ સ્પર્શનો થતાં હૃદયે અજબનો ઝણકાર છે.

આપના પ્રસંગને યાદોમાં લપેટીને હું ફરૂં ,
સાથ દુનિયા જો ન આપે તો હવે લલકાર છે.

વાત નીકળશે જ્યારે ઇતિહાસની ને આપણી,
સાત ફેરા સાથ ફરતાં એ પ્રણય જયકાર છે.

બંધારણ : ગાલગાગા×૩,ગાલગા

'મન' મનોજકુમાર રમણલાલ પંચાલ - ૯૭૩૭૧ ૦૦૬૮૦
નં-૭૩,અક્ષતમ-૩, ગઠામણ રોડ પાલનપુર, બનાસકાંઠા-૩૮૫૦૦૧
મેઈલ- mpanchal512@gmail.com

# ઝાકળની સાંકળ

ઝાકળની સાંકળ થી બાંધીને રાખ્યા છે તડકાના થનગનતા ઘોડાને મેં,
આવીજ કંઈ રીતો થી ગોંધીને રાખ્યા છે ઈચ્છાના મનગમતા ટોળાને મેં.

મારી સૌ કોશિશ પર નાખે છે ભેગા થઈ અવગણના ની ભારી ચાદર બધ્ધાં,
તો પણ લ્યો સળગાવી રાખ્યા છે અંતરમાં જુસ્સાના ધગધગતા ગોળાને મેં.

નિષ્ફળતાનો અગ્નિ બાળે જો સાહસની સુકાયેલી ડાળી તો ક્યાં જાઉં,
લીલી એ કરવા જો વરસાવી રાખ્યા છે આશાના ઝરમરતા ફોરાંને મેં.

સૂરજના જોરે એ આંખોને આંજે છે, આઈના પોતે ક્યાં ચકમકતા છે?
છેટા રાખ્યા આવો દેખાડો કરતા સૌ લોકોના ઝગમગતા ઓરાને મેં.

વાયુ લઈ આવ્યો છે સંદેશા શ્વાસોમાં તારી ઉપસ્થિતિના આજે જો,
તેથી તો દોડાવી રાખ્યા છે ચૌ-બાજુ આંખોના ટળવળતા ડોળાને મેં.

ડો. મિલિન્દ પારેખ – બારડોલી – ૯૯૭૯૦ ૪૯૨૨૨

# છૂટ છે

જિંદગીને માણવાની છૂટ છે,
તરફડી સિધાવવાની છૂટ છે!

એકસરખી તક મળે સૌને અહીં,
ભાગ્યને અજમાવવાની છૂટ છે!

ઘર પછી તો લૂંટવા દેશું તને,
દિલ પ્રથમ લૂંટાવવાની છૂટ છે!

ભૂલમાં હું એટલું ભૂલી ગયો,
ભૂલને ભુલાવવાની છૂટ છે!

એ ય આપોઆપ સુકાઈ જશે,
આંસુઓ ક્યાં લૂછવાની છૂટ છે!

પ્રેમ બળજબરીથી કંઈ થાતો હશે?
કોઈને પણ ભેટવાની છૂટ છે?

શબ્દ "નિર્મલ" ના મળે તો પ્રીતને,
મૌનથી સમજાવવાની છૂટ છે!

ગઝલ બંધારણ :- ગાલગાગા2 ગાલગા

નિર્મલ રામોલિયા 'દિલ સે' – જૂનાગઢ – 97141 36526

# ખુદનું આકાશ

સાત પગલાં ચાલીને આકાશ ખુદનું શોધી નાખ્યું
ત્યાં કોઈએ મારી ગોફણ, કોચલાને તોડી નાખ્યું ..

કૂખ મેં કોરી રાખી કાગળની તો એવો શોર થ્યો કે,
ચિત્રને અશ્રુ વડે પીંછીથી રંગી દોરી નાખ્યું

કાગડોળે રાહ જોઈ દ્વાર પર ,કોઈ ન આવ્યું,
જા હરિ તારી ય કિટ્ટા એમ મનમાં બોલી નાખ્યું.

ચોર પગલે ખુશી ટપલી મારી ભાગી ગઈ હતી તો,
ઝેર મેં  ઉદાસીનું હંમેશ માટે ઢોળી નાખ્યું..

મૌન જો બન્ને તરફથી થઈ જશે તો શું લખીશું ?
તેજ લીસોટો પછી છાતીમાં રાખી બોલી નાખ્યું .

રૂપાલી ચોકસી 'યશ્વી' – સુરત - 76784 62303

# ઈશ્વર મળે તો

લઈ હાથમાં ખોટી ખરી કરવી નહીં
દીવાસળીની બહુ સળી કરવી નહીં

ઈશ્વર મળે તો માગણી કરવી નહીં
કરવી પડે તો સામટી કરવી નહીં

બીજે બધે જો વાપરો વાંધો નથી
એ આંગળી મારા ભણી કરવી નહીં

તારા ઘરેથી નીકળી મારાં ઘરે
આવ્યા પછી સરખામણી કરવી નહીં

મારું હૃદય છે પ્રેમથી રાખો તમે
એમાં પછી કારીગરી કરવી નહીં

કાયમ નમેલું ના રહે જોજો તમે
માથું નમે ત્યાં ખાચકી કરવી નહીં

દેખાઉં છું હું એટલો ભોળો નથી
ચૂનો લગાવી ખાતરી કરવી નહીં

સુરેશ ઝવેરી - મુંબઈ – ૯૦૦૪૪ ૦૫૯૫૦

# બા અદબ

શબ્દની નીકળી સવારી બાઅદબ
હું અને મારી અટારી બાઅદબ

એ ગઝલને દાદ દ્યો જ્યાં હો કરી
વેદનાએ મીનાકારી બાઅદબ

શ્વાસ છે તું તે છતાં માગીશ નહિ
હું અને મારી ખુમારી બાઅદબ

એક સાંધ્યું તેર તૂટ્યાં તે છતા
સ્વપ્નની કીધી ઉધારી  બાઅદબ

જિંદગી  તો એ...વહે મઝધારમાં ..
મોજ? કાંઠે સાવ કોરી બાઅદબ

'એ મને જોતા નથી ' દેખાય તો
લાગતું  ખૂંપી' કટારી બાઅદબ

એ ગઝલ તારી હતી ને એટલે
ખાનગીમાં છે મઠારી બાઅદબ.

જે રમી શિવના ધનુષથી એ જ આ?
આગમાં ચાલી બિચારી બાઅદબ.

સ્પર્શ ઝુરે આ હવામાં એકલો
ટેરવાની બંધ બારી બા અદબ.

*સ્વાતિ* ના જળથી થતું જે છીપમાં
એજ થાતું  સંગ તારી બા અદબ.

ડો. સ્વાતિ ધ્રુવ નાયક - નવસારી  - 98794 60612

# મોહમાયા

જન્મથી લઈને મૃત્યુ સુધી ની સાથી મોહમાયા.
ઝભલા થી લઈ કફન સુધી ની સાથી મોહમાયા.

ગળથૂથી થી લઈ ને ગંગાજળ સુધી છે મોહમાયા.
નામકરણ થી લઈ શ્રદ્ધાંજલિ સુધી છે મોહમાયા.

કળિયુગ માં ઉધય સમી કોરી ખાય આ મોહમાયા.
લોહી ના સંબંધો ને પણ ભુલાવી દે આ મોહમાયા.

રાજા ને રંક અને રંક ને રજા બનાવે આ મોહમાયા.
સત્કર્મ ભુલાવી દુષ્કર્મ ને વિકસાવે આ મોહમાયા.

અવનીને પણ  કમજોર  બનાવે છે આ મોહમાયા.
પ્રિયજનો ના સાથ ની તાકાત છે  આ  મોહમાયા.

અવની શિવાંગ દવે 'શિવેસ્વરી' – વડોદરા - 9601964113

# ગઝલ

દિલ પર એવો વાર થયો;
મનનો જીર્ણોદ્ધાર થયો.

ઢળતી નજરે હોઠે ના,
ઈન્કારે ઈકરાર થયો

ચાલો માધવ કૃષ્ણ બનો,
ગાંડિવનો ટંકાર થયો

મુંગુ ઝાડ કપાયું ને,
ફળિયામાં સુનકાર થયો.

ઉદભવ સઘળી પીડાનો,
સુખની હારોહાર થયો.

ચમકારાનો વાંક નથી,
એ તો વારંવાર થયો.

ઈશ દેખાયો  તારામાં,
હું થી જ્યારે પાર થયો.

વિપુલ માંગરોલિયા 'વેદાંત' – સુરત – ૯૮૨૫૧ ૩૨૬૧૦

# ડરે છે

મહદ્ અંશે લોકો સજાથી ડરે છે
કોઇ કોઇ છે જે ગુનાથી ડરે છે

એ સમજી શકાશે કે પાપી તો ડરશે,
એ બંદો ખુદાનો ખુદાથી ડરે છે

એ ક્યાંનો નીડર જે ડરાવે બધાને
હકીકતમાં એ ખુદ બધાથી ડરે છે

ન ઇચ્છે કદી પણ બૂરૂ કોઇનું જે
ગ્રહો એની માઠી દશા થી ડરે છે

બધી આપદા એને શોધી જ લેશે
જે માણસ સતત આપદાથી ડરે છે

જો જીતી શકો તો એ ડરને જ જીતો
એ શું જીતે, જે હારવાથી ડરે છે ?

ડરી જાઉં હું જો તો લોકો શું કહેશે?
ઘણાં માત્ર એ ધારણાથી ડરે છે.

**હરીશ ઠક્કર – સુરત – 98254 94968**

# હોવું જોઈએ

આંગળી ને નાખ સમું સામીપ્ય હોવું જોઈએ
કોઈ પણ સંબંધમાં પાવિત્ર્ય હોવું જોઈએ

માત્ર ઉપવન હોય સુંદર એટલું પૂરતું નથી
શુદ્ધ માળીનું ય તો ચારિત્ર્ય હોવું જોઈએ

કેટલાયે શ્વાસનો ભગવાન રાખે છે હિસાબ
એજ રીતે આપણું વાણિજ્ય હોવું જોઈએ

પુસ્તકાલય એજ આશયથી બધું ખૂંદી વળ્યો
ક્યાંક તમારી યાદનું સાહિત્ય હોવું જોઈએ

શહેરના આ સુખ સગવડ સાહ્યબીની સાથમાં,
ગામના પાદર સમું લાલિત્ય હોવું જોઈએ

**સુષમ પોળ - સુરત - ૯૩૭૪૨ ૭૨૪૦૦**

# થોડો સમય તો લાગશે

ક્ષણ પછી ક્ષણ તોડતાં થોડો સમય તો લાગશે,
અંચળો ફંગોળતા, થોડો સમય તો લાગશે.

મેં મને પૂરી હતી, સીમિત કરીને (કૌંસ)માં,
"અવતરણ"માં લાવતાં, થોડો સમય તો લાગશે.

એક પથ્થરને મેં પૂજી, સ્થાપી તો દીધી મૂરત,
પ્રાણ એમાં પૂરતા, થોડો સમય તો લાગશે.

શબ્દ મારાં ટળવળે છે હોઠ પર એનાં સતત,
મૌનને ઢંઢોળતાં થોડો સમય તો લાગશે.

આયનામાં તડ પડી ગઈ 'ને થયા ચહેરા અનેક,
જાતને સંકોરતાં, થોડો સમય તો લાગશે.

ટેરવાં પર સ્પર્શ તારો જો હજુ ટહુક્યા કરે,
ટેરવાં ખંખેરતા થોડો સમય તો લાગશે

હું મને ‘શીર્ષક’ સમજતી, માન્યતા ખોટી ઠરી,
‘હાંસિયે છું’ માનતાં, થોડો સમય તો લાગશે.

પૂર્ણિમા ભટ્ટ – સુરત – ૭૦૯૬૨ ૧૦૭૦૯



राष्ट्रीय कला केन्द्र
ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ
તા. ૨૭-૦૯-૨૦૨૦ સમય રાત્રે ૯ કલાકે
પ્રમુખ ડૉ. રઈશભાઈ મણિયાર
કવિગણ
અશોક લાલવાણી - સુરત | હરિહર શુક્લ - વડોદરા
કમલેશ રાઠોડ - મહુવા | મેઘા અંતાણી - મુંબઈ
મિહિર પટેલ - વડોદરા | પારુલ બારોટ - અમદાવાદ
સાકેત દવે - અમદાવાદ | સૂચિત ચૌહાણ - સચીન
વિનોદ માણેક - અંજાર, કચ્છ | યોગેશ ટેલર - સચીન
હિમલ પંડ્યા - ભાવનગર | મહેશ દાવડકર - સુરત
સુરેશભાઈ વિરાણી - સુરત | પ્રમોદ આહિરે - સુરત
યામિની વ્યાસ - સુરત


## હું જાતે શીખ્યો

શબ્દની ચકમક મળી'તી, ગીત હું જાતે શીખ્યો
કંઈ મળી એવી અધૂરપ, પ્રીત હું જાતે શીખ્યો

'કેમ જીવન જીવવું'ના દાખલા પુષ્કળ હતા.
પણ રકમ પામ્યો અલગ, તો રીત હું જાતે શીખ્યો

જન્મ વેળા તેં રૂદન દઈ મોકલ્યો'તો હે પ્રભુ
એક-બે મહિના રહીને, સ્મિત હું જાતે શીખ્યો

સંતુલન પ્રારબ્ધ ને પુરુષાર્થનું કેવું રહ્યું!
હાર શીખવી તેં, સમય! ને જીત હું જાતે શીખ્યો.

ડૉ. રઈશ મનીઆર – સુરત

# બહુ નડે છે

કોણે કહ્યું કે રસ્તે પથ્થર બહુ નડે છે
હો બૂટની જે અંદર કંકર બહુ નડે છે

વિસ્તરવું રોડને છે, તરુવર બહુ નડે છે
ઊગવું છે તૃણને પણ ડામર બહુ નડે છે

પહોંચી નથી હું શકતો અંદર.. બહુ નડે છે
આ આસપાસ સ્થાપ્યા ઇશ્વર બહુ નડે છે

સાથી બની બનીને જોડાય જે શરૂમાં
યાત્રામાં એ જ સઘળાં આખર બહુ નડે છે

બાળક પડીને જ્યારે ઊભા થવાનું શીખે
જે હો સહાય કરવા તત્પર બહુ નડે છે

ડૉ. રઈશ મનીઆર – સુરત

## ગઝલ

કામ ઘણું તે નેક કર્યું છે
મારું હૈયું હેક કર્યું છે

કોને ખબર? પણ કૈંક કર્યું છે
સાવ ઊંડે લગ છેક કર્યું છે

મુગ્ધ વયે ના નજર મિલાવી,
હમણાં મળ્યાં તો શેક કર્યું છે

જ્ઞાનની નૈયા જેની ભરચક
એણે.. ફેંકાફેંક કર્યું છું

વિદ્વાનોએ છૂટું પાડ્યું
ભોળાઓએ એક કર્યું છે

વિદ્વાનોએ છૂટું પાડ્યું
ભોળાઓએ એક કર્યું છે

અડધી વય સામાન વિખેર્યો
બાકી ભવમાં પૅક કર્યું છે

એ બોલ્યા, ઓહ, તિરાડ પાડી!,
હું સમજ્યો'તો, 'ક્રૅક' કર્યું છે

લાંબું વિચારી શું પામ્યો તું?
હાથે કરી હેડૅક કર્યું છે

નામ પ્રભુનું રોજ પુકારી
'છે કે નહીં?' બસ, ચૅક કર્યું છે

**ડૉ. રઈશ મનીઆર – સુરત**

# ગઝલ

માણસો મુશ્કેલ સંબંધો નિભાવી જાય છે
ડંખ દઇ થોડો જેમ પગરખાં જેમ ફાવી જાય છે

સુખ તો કેવળ બારણે તોરણ લગાવી જાય છે
દુ:ખ પછી અંદરથી આખું ઘર સજાવી જાય છે

એ પ્રસંગોને ગણી ક્ષુલ્લક તું વિસરી ગઇ ભલે,
મારી તો આખી કથા એમાં જ આવી જાય છે

સાવ એવું પણ નથી  કે થઇ ગયા છે એ વિદાય
આંસુ થઇને આંખમાં ક્યારેક આવી જાય છે

ને ઘણાં સાથે રહી ભીંતો વચાળે છત નીચે
પોતપોતાની જ એકલતા નિભાવી જાય છે

જિંદગીભર નહીં જીવાયેલી ક્ષણોના બોજને
છેવટે તો ચાર જણ કાંધે ઉઠાવી જાય છે

ડૉ. રઈશ મનીઆર – સુરત

# નહીં આપું

દિવસોને હું જીવનનો દરજ્જો નહીં આપું
થડકાઓને ધડકનનો દરજ્જો નહીં આપું

જ્યાં લગ એ બધા ઘાવને તિલક ન કરી દે,
શબ્દોને હું ચંદનનો દરજ્જો નહીં આપું

એ કેવી મથામણ છે જે નવનીત ન આપે?
અવઢવને હું મંથનનો દરજ્જો નહીં આપું

બીમાર વિચારો, મને બસ માફ કરી દો!
તમને તો હું સર્જનનો દરજ્જો નહીં આપું

બહુ બહુ તો હું પથ્થર ગણું, નડતર બને એને
હરએકને દુશ્મનનો દરજ્જો નહીં આપું

ઉન્મુક્ત અછાંદસનો વિષય છે તું, તને તો-
હું છંદના બંધનનો દરજ્જો નહીં આપું

એ ઊંચે અગર જાય, થશે દૂર ધરાથી
ગઝલોને હું ચિંતનનો દરજ્જો નહીં આપું

એક સભ્યતા ખાતર તને હું હાથ તો જોડીશ
એ કાર્યને વંદનનો દરજ્જો નહીં આપું

ડૉ. રઈશ મનીઆર – સુરત – ૯૮૨૫૧ ૩૭૦૭૭

# ધડક ધડક!!

ઉઠે પ્રણયનો વાયરો ને ઓઢણી સરક સરક!
નજર તો સ્થિર થઈ પરંતુ દિલ કરે ધડક ધડક!

સ્મરણ કરું હું તારું ત્યાંજ મૌન બોલકું બને,
ગજબની તારી યાદ યાર ભીતરે રણક રણક!

ઠુમક ઠુમક તું ચાલતી ને છલકે હેલ હેતની,
ઉડે છે તારી ઓઢણી ને કેડ પણ લચક લચક!

ખબર ઉડી છે ગામમાં વસંત થઈ તું આવશે,
વિતક બની છે પાનખર ને આંગણું ચમક ચમક!

હૃદય ધરા વિરાન ને થયો છે સ્પર્શ મેઘનો,
હૃદય થયું ઝરણ અને છે પાંપણો છલક છલક!

ખબર શું કોણ ભીંજવે છે! પાંપણો કે તું સખી!
નજરથી તું અડે મને પ્રણય વહે ટપક ટપક!

ભરીને બાથમાં મને તું વીંટળાઈ વેલ થઈ!
ધમણ થયા છે શ્વાસ, થાય ભીતરે ધબક ધબક!

હૃદયનો સાદ સાંભળી નયન થયા છે તરબતર,
સરે છે "આશુ" ખંજને,ને હોઠ પણ મરક મરક!

ગઝલ: લગા લગા લગા લગા લગા લગા લગા લગા.

'આશુ' અશોક આઈ. લાલવાણી – સુરત – 81418 49503

# છાસ દરિયો

દૂર છે ને છે પાસ દરિયો!
વિરહ પણ, સહવાસ દરિયો!

ચાંદા સૂરજ ની સંગાથે
રોજ કરે રોમાંસ દરિયો!

આકાશે વાજિંત્રો વાગે
ધરતી પર લે રાસ દરિયો!

ઉપર છે આકાશ નર્યું, ને
નીચે છે ઝક્કાસ દરિયો!

મોજાં ઘૂઘવે ઊલટસૂલટ
ને વેઠે એ ત્રાસ દરિયો!

ક્યાં દેખ્યો છે કે દેખાડું?
હોવાનો આભાસ દરિયો!

ચાકળ સૂંઘી ગઈ દરિયો શું?
'હરિ' લીલીછમ છાસ દરિયો!

હરિહર શુક્લ 'હરિ' – વડોદરા - 9586714540

# કોને ખબર?

કાળ કપરો આવશે કોને ખબર ?
ભય ભયંકર લાગશે કોને ખબર ?

એકદમ તારું અચાનક આગમન,
વિશ્વભરમાં વ્યાપશે કોને ખબર ?

શાંત ગમગીની ભરેલું આ નગર,
ખળભળાટે જાગશે કોને ખબર ?

હામ હૈયે છે,ધરી ધીરજ અમે,
આંખ આંસુ સારશે કોને ખબર ?

જામતો અંધાર ચારેકોરથી,
કોણ શગ પેટાવશે કોને ખબર ?

બંધારણ-ગાલગાગા ગાલગાગા ગાલગા

કમલેશ રાઠોડ 'કમલ' – મહુવા – 63536 42430

# અજવાળાં કરો

દીર્ઘ,ને કાળી છે,અજવાળાં કરો
રાત વદ વાળી છે,અજવાળાં કરો

રોજ એવું માની પોંખું ધ્વાંતને ,
'આજ દિવાળી છે,અજવાળાં કરો'

આંખ સામે છે,છતાં પૂછે છે એ-
"ક્યાંય તક ભાળી છે?અજવાળાં કરો"

જિંદગી ઠેબે ચડી જીવવા જતાં
ચોટ બહુ આળી છે,અજવાળાં કરો

આમ શું ફવડાવવાનાં પાંજરાં?
તોડવી જાળી છે?અજવાળાં કરો

ઢૂકશે અહીં પણ કોઈ,એ શક્યતા
ઢોલિયે ઢાળી છે,અજવાળાં કરો

ગોખલે બૂઝતો દીવો કહેતો ગયો,
જાતને બાળી છે,અજવાળાં કરો

મેધા અંતાણી – મુંબઈ – 81088 08666

## મારી નજરે સમાધાન

આ જીવનથી કેમ ઉદાસ થવું?
શ્વાસના છંદોમાં, બસ પ્રાસ થવું.

ભેટવું ગમતાને તો વ્હાલથી,
ના ગમે તેના માટે ખાસ થવું.

દંભ, કપટ ને સ્વાર્થના રણમાં,
સંતોષનું જલપાન કરી હાસ થવું.

કોયડાઓ ભલેને બનતાં જટિલ,
આપણે કાઢે ના એવો ક્યાસ થવું.

સ્નેહને બરાબર વહેંચવો ચોતરફ,
આ વહેંચણી વેળાએ તાસ થવું.

મિહિર પટેલ 'શબ્દશૃંગાર' - વડોદરા - 98795 40867

# શક્તિ

હું નથી તો ક્યાંય પણ અસ્તિત્વનો છાંટો નથી હું પ્રેમ છું,
વેદના,ખુશી છું કોઈ વાડનો કાંટો નથી હું પ્રેમ છું.

આંગળીના ટેરવે હું સ્નેહને છલકાવી દઉ છે આવડત,
એક સરખું વ્હેણ મારું ક્યાંય  પણ ફાંટો નથી હું પ્રેમ છું.

મારા પંડે આવવાને દેવતાઓ રટ લગાવે છે ઘણી,
મારી મમતા માપવાને ક્યાંય પણ  કાંટો નથી હું પ્રેમ છું.

જળની માફક ઝળહળી કૈ પાત્રને અજવાળતી નારાયણી,
હું  મીઠેરા  સગપણોને સાચવું ઘાટો નથી હું પ્રેમ છું.

નામ શક્તિ આપવાને સૌ અહીં તત્પર રહે છે કાયમી,
મારા જખ્મોને રુઝાવી નાખતો પાટો નથી હું પ્રેમ છું.

પારુલ બારોટ – અમદાવાદ – 94268 63311

# ગઝલ

છો હકીકતમાં તમે કે ઝાંઝવાનું નીર છો?
દિલ બધાનું ચોરવામાં કેટલા શાતીર છો.

છે ગજબ આંખો તમારી,આંખમાં છે આયનો,
છો ધરાની અપ્સરા કે આસમાની હીર છો.

જ્યારથી જોયા છે તમને આ હ્રદય ધબકે સતત,
ને કહે હૈયું નિરંતર,આપતો તકદીર છો.

લાખ ગમ આપે જમાનો,કોઇની પરવા નથી,
શું કહું ઇશ્વર,ખુદા કે,દિલમાં સૂતા પીર છો.

ઘાવ ઊંડા દેહના પળમાં તમે સાજા કર્યા,
આપ તો સંજીવની કરતા ઘણાં અકસીર છો.

છે નશો આઠે પ્રહર બસ આપનો એ દિલનશીં,
ખૂબ સુંદર ખ્વાબની જાદુગરી તસ્વીર છો.

આવર્તન:ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા

**સુચિત ચૌહાણ 'નસીબ' – સચીન, સુરત -**

## ક્યાં જવું?

શક્યતાની આશ છોડી ક્યાં જવું?
ડૂબતી ક્ષણ છે કફોડી ક્યાં  જવું?

ભટકતી વણઝાર જેવો આ સમય
'ને નસીબે કાંખઘોડી ક્યાં  જવું?

આયખું ગુલમ્હોર થૈ તપતું ભલે
રંગ ભાતીગળ વછોડી ક્યાં જવું?

ઈશુ માટે તો બધું સરખું અરે!
ક્રોસ,ખીલી ને હથોડી ક્યાં જવું?

જો તરાપો જાય ડૂબી સાગરે
'ને કિનારે હોય હોડી ક્યાં જવું?

છે પરમનો ઓટલો સતથી સભર
જિંદગી થાયે ગપોડી, ક્યાં જવું?

બસ અલખની ઝુંપડી' ચાતક ' ભલી
મ્હેલ મીરા સંગ જોડી ક્યાં જવું?

વિનોદ માણેક 'ચાતક' – અંજાર, કચ્છ – ૯૪૨૮૦ ૮૦૫૯૬

# ગઝલ

માત્ર ના પાડો નહીં, કારણ લખો,
ના લખો દરિયો, પરંતુ રણ લખો.

લ્યો હથેળી હું ધરી ઊભો રહ્યો,
સાવ કોરું પાનું છે, પ્રકરણ લખો.

ખાસ હોવાનો અભરખો ના મને,
એટલું કરશો? લો, સાધારણ લખો.

સુગ્રથિત છો, એ મને છે જાણ પણ,
હો ગઝલ તો એનું બંધારણ લખો.

ક્યાં સુધી આંસુ કહી છુપાવશો,
પાંપણો પર લીલુંછમ તોરણ લખો.

સાકેત દવે - અમદાવાદ - 93761 83260

# ગઝલ

નથી સ્વીકાર એ ફૂલો સજાવીને,
મળે ગુલદસ્તા જે કાંટા છુપાવીને.

અરે રે! આટલી મોટી કંજુસાઈ,
તમે રાખો પ્રશંસા પણ બચાવીને.

તમે એ નહિ કરી શકશો રહેવાદો,
ઠગારી પ્રેમની આશા જગાવીને.

નજર નમતી નથી કારણ તમે છો કે,
સદા રાખું છું પાંપણ પર સજાવીને.

સુગંધી બાગની કે આગમન તારું?
સુંધી જોયું અમે ડાળી નમાવીને.

કસમથી જો તમે આવો વિચારોમાં,
કરું શૃંગાર શબ્દોથી મઢાવીને.

**યોગેશ ટેલર – સચિન, સુરત -**

# જીવતા હતા

એકલી, બસ એકલી કડવાશ લઈ જીવતા હતા,

જિંદગીમાં એટલે અવકાશ લઈ જીવતા હતા.

‘કાશ’ને ભૂલીને જેઓ ‘હાશ’ લઈ જીવતા હતા,

એ જ સાચા અર્થમાં હળવાશ લઈ જીવતા હતા.

એમણે એકાદ વેળા પણ અહીં જોયું નહીં,

કોણ જાણે આપણે કઈ આશ લઈ જીવતા હતા!

આ સંબંધો કોઈ પણ મોસમમાં મ્હોરી ક્યાં શક્યાં?

પાંદડે એ કાયમી પીળાશ લઈ જીવતા હતા.

એક પણ પાનું હુકમનું કોઈ દિ’ નીકળ્યું નહીં!

આ અમે કેવી ક્ષણોની તાશ લઈ જીવતા હતા?

પ્હોંચતાવેંત જ પૂછાયો પ્રશ્ન એવો સ્વર્ગમાં,

કેટલાં વરસોથી આવી લાશ લઈ જીવતા હતા?

હિમલ પંડ્યા – ભાવનગર – ૯૮૭૯૦ ૪૯૫૫૩

## મનના ડાઘ

કૈંક એવા મન ઉપર ડાઘા પડ્યા,
આંખના પાણીથી એ ધોવા પડ્યા,.

જેવું છે એવું કદી દેખાયું નહીં,
આંખના ચશ્માં ઘણા મોંઘા પડ્યા.

પૂછીએ તો કોને રસ્તો પૂછીએ?
ખુદની ભીતર લ્યો! અમે ભૂલા પડ્યા.

ટોચ પર પહોંચી જવાની લ્હાયમાં,
ખુદને મળવામાં અમે મોડા પડ્યા

મહેશ દાવડકર - સુરત - ૯૯૯૮૪ ૯૦૧૧૫

# ગઝલ

હૈયું પોતે ટેરવે આવીને બેસી જાય છે
મખમલી સન્માન સાથે આ ગઝલ સર્જાય છે

ત્યાં અજાણી લાશનું જો પંચનામું થાય છે
મોત આવ્યા બાદ માણસ પાંચમાં પૂછાય છે

મૌન એનું એટલું બોલી ગયું બોલ્યાં વગર
બોલવાથી બોલવા ધારેલું કયાં બોલાય છે !

આંખથી હૈયા સુધી, હૈયાથી બસ હોઠો સુધી
સાવ ટૂંકો રસ્તો છે પણ ભલભલા અટવાય છે

ત્યારે મૂંગી વ્યકિતની પણ ઈર્ષા આવે છે 'સુરેશ'
જયારે જયારે આપણી આ જીભ લપસી જાય છે

**સુરેશ વિરાણી – સુરત – 98257 11570**

# શૂન્ય છે!

શબ્દોથી જે જે યત્ન કર્યા શૂન્ય છે પ્રમોદ;
સમજાયું છેવટે કે ખુદા શૂન્ય છે પ્રમોદ.

સંકેત શબ્દથી મળે, યાત્રા સ્વયં કરો,
અનુભવ ન હો તો વેદ બધાં શૂન્ય છે પ્રમોદ.

ભાષા ભલે તું વૈભવી ઉપયોગ કર છતાં,
દિલથી ન નીકળે તો દુઆ શૂન્ય છે પ્રમોદ.

વરણ કરું તો શું કરું? એ તો અનંત છે;
વર્ણન કરે એ સર્વ ક્રિયા શૂન્ય છે પ્રમોદ.

પંખીને પાંખ આવશે તો જાતે ઊડશે,
એને ઉડાડવાની પ્રથા શૂન્ય છે પ્રમોદ.

અસ્તિત્વ સાથે કોક'દિ સરખાવી જો ગઝલ -
આ કાફિયા, આ છંદ નર્યા શૂન્ય છે પ્રમોદ.

'એ શૂન્ય' સૌને આપે છે અભિવ્યક્તિ પોતીકી,
કહેતાં ફરો નહીં ખુદા શૂન્ય છે પ્રમોદ.

**પ્રમોદ આહિરે - સુરત - ૯૮૨૪૧ ૩૪૦૨૮**

# રોટલીના લોટમાં

પ્રીત પરખાવી દીધી મેં રોટલીના લોટમાં.
જાત ભભરાવી દીધી મેં રોટલીના લોટમાં.

જો, જરા વર્તન નરમ રાખે તો તું ખીલી શકે,
વાત સમજાવી દીધી મેં રોટલીના લોટમાં.

આવશે હમણાં અને 'એ' પૂછશે કે "કેમ છે?"
યાદ મમળાવી દીધી મેં રોટલીના લોટમાં.

એક નાની વાતમાં તો કેટલું બોલ્યા હતા !
આંખ છલકાવી  દીધી મેં રોટલીના લોટમાં.

લોટ, પાણી, મોણ, 'મા'નું વ્હાલ...આ છે રેસિપી,
રીત બતલાવી દીધી મેં રોટલીના લોટમાં.

ભૂખ બહુ લાગી હશે ! વરસાદ પણ છે  કેટલો !
હૂંફ સરકાવી દીધી મેં રોટલીના લોટમાં.

આમ તો છે રોજનું આ કામ 'યામિની' છતાં,
સાંજ હરખાવી  દીધી મેં રોટલીના લોટમાં.

યામિની વ્યાસ – સુરત – 99251 95239